**આજનો સુવિચાર**

ગુસ્સાના સમયે થોડું રોકાવાથી અને ભૂલના સમયે થોડું ઝૂકવાથી જીવન સરળ બની જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૭ જૂનાગઢ તા.૧૪-૧૨-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 307, Junagadh : Date : 14 December, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# સંસદની સુરક્ષામાં ચુક : ૮ કર્મચારી સસ્પેન્ડ : વડાપ્રધાને હાઈલેવલ બેઠક યોજી



## સંસદની સુરક્ષા મામલે લોકસભા અને રાજયસભામાં ભારે ધમાલ : બંને ગૃહોની કાર્યવાહી બપોર સુધી સ્થગીત : રાજયસભામાંથી ટીએમસીનાં સાંસદ ડેરેક ઓ બ્રાયન સસ્પેન્ડ

નવી દિલ્હી તા. ૧૪

નવા લોકસભા ગૃહમાં ગઈકાલે બનેલી સુરક્ષા ચુકની ઘટનાએ સંસદની સાથે સમગ્ર દેશને હચમચાવી મુકયો છે. ૬ યુવાનોએ સંસદમાં ઘુસીને સ્મોક સેલ ફેકવાનું જે દુષ્કૃત્ય કરવાની ઘટનાએ સંસદથી લઈ સડક સુધી ખળભળાટ મચાવી દીધી છે. સંસદમાં સુરક્ષા ચુક મામલે ૮ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તોટલું જ નહી વડાપ્રધાનનાં અધ્યક્ષ સ્થાને એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ રહી છે આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, જે.પી. નડ્ડા, અનુરાગ ઠાકુર, પ્રહલાદ જોષી સહિતનાં વરીષ્ઠ નેતાઓ ઉપસ્થિત છે. ગઈકાલની ઘટના સંદર્ભે લોકસભાનાં સ્પીકર ઓમ બીરલાએ જણાવ્યું કે તેઓ ગઈકાલની ઘટના અંગે ચિંતિત છે સંસદની સુરક્ષાની જવાબદારી સચિવાલયની છે આ મામલે તમામ સાથે ચર્ચા કરીશું. ઓમ બીરલાએ વધુમાં એવું પણ કહયું કે, હું આ ગૃહનો અધ્યક્ષ છું તેથી સુરક્ષાની જવાબદારી પણ મારી છે. જયારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહયું કે, આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે જેની તપાસ ચાલુ છે. તમામે સાવધાની વર્તવાની જરૂર છે.

દરમ્યાનમાં આ ઘટનાનાં સંદર્ભમાં અત્યાર સુધી પાંચ યુવક - યુવતિની ધરપકડ કરવામાં આવી છે. જેમાં મનોરંજન ડી. (રહે. મૈસુર), નિલમ રહે. જિંદ હરીયાણા, અમોલ શિંદે રહે. લાતુર મહારાષ્ટ્ર, વીકી શર્મા રહે. ગુરૂગ્રામ દિલ્હી, સાગર શર્મા, લલીત ઝા (રહે. કોલકતા જે હાલ ફરાર છે.) દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ રાજયસભામાં ભારે હોબાળો મચાવી રહેલા તૃણમુલ કોંગ્રેસનાં સાંસદ ડેરેક ઓ બ્રાયનને રાજયસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગઈકાલની ઘટનાનાં એટલા ગંભીર પ્રત્યાઘાતો સર્જાયા છે કે, આજથી સંસદમાં પ્રવેશનાં તમામ નિયમો બદલવામાં આવ્યા છે તેમજ સંસદનાં વરીષ્ઠ અધિકારીઓને પણ હવે એકજ ગેઈટમાંથી પ્રવેશ મળશે તેવું નકકી થયું છે.

સંસદ સચિવાલયે ૧૩ ડિસેમ્બરે સંસદમાં ઘૂસણખોરીના સંબંધમાં ૮ સુરક્ષા કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા સુરક્ષાકર્મીઓના નામ રામપાલ, અરવિંદ, વીર દાસ, ગણેશ, અનિલ, પ્રદીપ, વિમિત અને નરેન્દ્ર છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓએ સંસદની બહાર રેકી પણ કરી હતી. તમામ આરોપીઓ સોશિયલ મીડિયા પેજ 'ભગત સિંહ ફેન કલબ' સાથે પણ જોડાયેલા છે.

### વન કર્મચારીને ધમકાવવા અને ફાયરીંગ કરવાનાં કેસમાં

## છેલ્લા ૩૯ દિવસથી ફરાર આપના ધારાસભ્ય ચૈતર વસાવા પોલીસ સમક્ષ હાજર થયા



નર્મદા (રાજપીપળા)

છેલ્લા એક મહિનાથી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા થોડીવારમાં પોલીસ સમક્ષ હાજર થયા છે. વનકર્મીઓને ધમકાવવા અને ફાયરિંગ કરવાના કેસમાં લાંબા સમયથી ફરાર ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આજે ૩૯ દિવસ બાદ પોલીસ સમક્ષ હાજર થઈ ગયા છે.

વનકર્મીઓને ધમકાવવા અને હવામાં ફાયરિંગ કરવાના કેસમાં લાંબા સમયથી ફરાર ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આજે ડેડીયાપાડા પોલીસ સ્ટેશન ખાતે હાજર થશે. રાજયમાં આપના ધારાસભ્યની પક્ષમાંથી વિદાયના અહેવાલો બાદ આ સમાચાર સામે આવતાં ચકચાર મચી છે.

નર્મદા જિલ્લામાં ચૈતર વસાવા પર વન વિભાગના કર્મચારીઓને માર મારવાનો કેસ નોંધાયો હતો. છેલ્લા ૧ મહિનાથી ચૈતર વસાવા ભૂગર્ભમાં છે.

ચૈતર વસાવાએ આગોતરા જામીન માટે હાઈકોર્ટ સુધીના દરવાજા ખટખટાવ્યા હતા. જોકે અદાલત અરજી ફગાવી દેતા હવે ધારાસભ્ય પાસે કોઈ માર્ગ નજરે પડી રહ્યો નથી. ત્યારે તે પોલીસ સમક્ષ હાજર થશે એમ સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે.

છેલ્લા ૧ મહિના અને ૯ દિવસથી ચૈતર વસાવા ભુગર્ભમાં હતા. ત્યારે નર્મદા પોલીસ દ્વારા તમામ ચેકપોસ્ટ પર ચૂસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. ધારાસભ્ય ચૈતર વસાવા પોલીસ સ્ટેશનમાં હાજર થવાની વાતને લઈ સમર્થકો અને ટેકેદારો મોટી સંખ્યામાં દેડીયાપાડા ખાતે ઉમટી પડ્યા છે.

દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સામે વનકર્મીઓને ધમકી આપી હવામાં ફાયરિંગ કરવાનો કેસ નોંધાયા બાદથી ફરાર હતા અને તેઓ જામીન મેળવવા દોડધામ કરી રહ્યાં હતા પરંતુ રાજપીપળાની સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી દેતાં હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેમાં પણ ધારાસભ્યને રાહત નહોતી મળી. ધારાસભ્યને વન અધિકારીઓને ઘરે બોલાવવાનો અધિકાર કોણે આપ્યો તેવી આકરી ટકોર સાથે હાઈકોર્ટે પણ જામીન અરજી ફગાવી દીધી હતી. એક મહિના ઉપરાંતથી ચૈતર વસાવા પોલીસને ચકમો આપી ભાગી રહ્યાં હતા.

## બે યુવકોનાં સંસદમાં એન્ટ્રી માટેના પાસની ભલામણ ભાજપનાં સાંસદ પ્રતાપ સિંહાએ કરી હતી !


નવી દિલ્હી,તા.૧૪

સંસદ ભવન પર ગઈકાલે હુમલો કરનાર બે યુવકોને સંસદમાં એન્ટ્રી માટેના પાસ ભાજપ સાંસદ પ્રતાપ સિંહાની ભલામણ પર ઈસ્યુ કરવામાં આવ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આમાંથી એક આરોપી પ્રતાપ સિંહાને ઓળખતો હતો. કારણ કે તે તેના ચુંટણી ક્ષેત્ર મેસૂરનો રહેવાસી છે. તે લગભગ ત્રણ મહિનાથી પાસ લેવાની કોશિષમાં હતો.

આરોપીઓમાંથી એક મનોરંજન ડી.ની મૈસુર સ્થિત પ્રતાપ સિંહાની ઓફિસ આવન-જાવન છે, તેણે જ બીજા આરોપી સાગર શર્માને પાસ અપાવવામાં મદદ કરી હતી. બન્ને નવી સંસદ જોવાના બહાને પ્રતાપ સિંહાની ભલામણ પર પાસ લેવામાં સફળ રહ્યા હતા. જો કે પ્રતાપ સિંહાના આદેશ પર બુધવાર માટે ત્રણ પાસ ઈસ્યુ થયા હતા. જેમાંથી એક મહિલા હતી પણ તે સંસદ નહોતી પહોંચી શકી. મહિલા પોતાના બાળકો સાથે સંસદ પહોંચી હતી પણ કોઈ કારણે તેને પાછા ફરવું પડયું હતું. આ મહિલાને પકડાયેલા આરોપીઓ સાથે કંઈ લેવા-દેવા નહી હોવાનું બહાર આવ્યું છે. બીજી બાજુ મૈસૂરમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ પ્રતાપ સિંહાના કાર્યાલયની બહાર દેખાવો કરી સિંહા સામે કાર્યવાહીની માંગ કરી છે.

## રાજકોટ - અમદાવાદ હાઈવે રક્તરંજીત : માલીયાસણ નજીક ટ્રક - બે કાર વચ્ચે ભયાનક ટકકર થતાં ત્રણનાં મોત



રાજકોટ તા. ૧૪

રાજકોટ- અમદાવાદ હાઈવે પર માલિયાસણ ગામ નજીક આજે સવારે એક ટ્રક અને બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. અકસ્માતમાં બે કારનો કચ્ચરઘાણ વળી ગયો છે. ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિકજામ થઈ ગયો છે અને લોકોના ટોળા ઉમટી પડ્યા છે. બંને કાર પડીકુ વળી જતા લોકોએ પતરા ખેચીને અંદરથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. આ ભયંકર અકસ્માતથી અરેરાટીભર્યા દશ્યો જોવા મળ્યા છે.

અકસ્માતના પગલે માલિયાસણ નજીક હાઈવે પર ટ્રાફિકજામ થયો છે. સ્થાનિક લોકો અને અન્ય વાહનચાલકોએ સાથે મળી મહા મહેનતે મૃતદેહો બહાર કાઢ્યા છે. રાજકોટના મનહરપ્લોટ વિસ્તારમાં રહેતા હિરેનભાઈ વશરામભાઈ સગપરિયા (ઉં.વ.૪૫)ના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે અન્ય બે મૃતદહોને સિવિલ હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. માલિયાસણ ગામ નજીક આજે વહેલી સવારે GJ-૦૩-૨૦૩૨ નંબરની રાજકોટ પાસીંગની અને બીજી GJ-13-AR-૭૩૫૩ નંબરની સુરેન્દ્રનગર પાસીંગની કાર સાથે ટ્રકનો અકસ્માત થયો હતો. જેમાં બન્ને કાર પડીકુ વળી જતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતા પોલીસ પણ દોડી ગઈ છે.



**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો,
પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર,
હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

**ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક**



**ડો. દુષ્યંત ચૌહાણ**
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેક્સિલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ

:: સ્પેશ્યાલીટી ::
- કહાપણ દાઢની સારવાર
- મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
- તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
- મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
- જડબાનાં સાંધાની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીક્સ કરી દાંત બેસાડવા

૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક
આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯

**S. K. CARS**



આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો
કોન્ટેકટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ


**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | THAKAR ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
**ઠાકર થાળ** એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**ફલેટ વેચવાનો છે**
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

ઔદ્યોગીક હેતુ માટેની બાંધકામ સાથેની મોકાની જગ્યા
**ભાડે આપવાની છે**
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : ૬૩૫૧૫ ૩૬૨૧૫


**દુકાન વેચવાની છે**
દુકાન નં.૩ અને ૪, ગ્રાઉન્ડ ફલોર,
આસોપાલવ કોમર્શિયલ બિલ્ડીંગ,
હેવલ્સ શો-રૂમની સામે,
એ.જી. સ્કુલની સામે,
વણઝારી ચોક, જૂનાગઢ.
સંપર્ક : ૯૨૨૮૪ ૬૪૫૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ઉના તાલુકાના આમોદ્રા ગામે થર્ડ પાર્ટીને મંજુર થયેલી લીઝની જમીન વેંચી દેવાના પ્રકરણમાં તપાસનીશ અધિકારીઓને હાઈકોર્ટનું તેડું

## તા.૧૭મી જાન્યુઆરીએ કોર્ટ સમક્ષ હાજર રહેવા આદેશ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ગીર-સોમનાથ તા.૧૪

ગીર-સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના આમોદ્રા ગામે મંજુર થયેલી લીઝની જમીન થર્ડ પાર્ટીને વેંચી દેવાના બનાવ અંગે ન્યાય માટેની માંગણી તેમજ આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવા અંગેની માંગણી કરવામાં આવી હતી પરંતુ જે તે વખતે તપાસનીશ અધિકારીઓએ આરોપીઓ વિરૂધ્ધ તા.૧૯-૭-૨૦૨૩ના રોજ થયેલ ફરિયાદમાં આરોપીઓ વિરૂધ્ધ આઈપીસી ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૭ તેમજ ૧૨૦ બી મુજબ ગુનો દાખલ ન કરતા આખરે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા તપાસનીશ અધિકારીઓને આગામી તા.૧૭ જાન્યુઆરીના રોજ હાઈકોર્ટમાં ઉપસ્થિત થવા આદેશ જારી કર્યો હોવાનું જાણવા મળે છે. આ બનાવ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર વિજયસિંહ રણધીરભાઈ ઝાલા રહે.નિલામબર-૧, વાસણા રોડ, વડોદરા વાળાએ ગીર-સોમનાથ વિભાગના એસપીને એક ફરિયાદ અરજી આપી હતી અને આ ફરિયાદ અરજીમાં સ્પષ્ટ જણાવેલ હતું કે, આમોદ્રા ગામે મંજુર થયેલી લીઝની જમીન અરજદારે લીધી હોવા છતાં આ જમીન અન્ય પાર્ટીને વેંચી દેવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું હતું અને વિજય મોરીએ પોતાની હોટલ ઉપર બોલાવી અને ષડયંત્ર રચી તેમજ આ મંજુર થયેલ લીઝની જમીન થર્ડ પાર્ટીને વેંચી દેવાનો બનાવ બનવા પામેલ હતો. આ સમગ્ર પ્રકરણ અંગે વિજયસિંહ ઝાલાએ ઉચ્ચ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોને ફરિયાદ અરજી આપી હતી. આ ઉપરાંત જૂનાગઢ રેન્જના તત્કાલીન આઈજીપીને અરજી આપી હતી અને આ જમીન કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી સહિત તમામ સામે કડક કાર્યવાહી તેમજ આરોપીએ મહેસુલ એકટ તથા ખાણ ખનીજ ધારાનો ભંગ કરી અને થર્ડ પાર્ટી વિજય મોરીને વધુ રૂપીયાની લાલચમાં આવી અને જમીન વેંચી દીધી હોવા બાબતે તમામ સામે કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી અને જો આ બાબતે યોગ્ય કરવામાં નહી આવે તો હાઈકોર્ટમાં જવાની નોટીસ પણ આપવામાં આવી હતી. દરમ્યાન આખરે વિજયસિંહ ઝાલાએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. કીમી એપ્લીકેશન કરતા જણાવેલ છે કે ૨૦૧૭ માઈનીંગ લીઝ અધિનીયમ મુજબ આ કેસમાં કાયદાનો ભંગ થયેલ છે તેમજ મંજુર થયેલ લીઝ અન્ય પાર્ટીને વેંચી શકાય નહી એટલું જ નહી વધુમાં પુરાવા આધારીત કલમોનો ઉમેરો ના કરી અને આરોપીઓનો બચાવ કરેલ તે બાબતે રીટ દાખલ કરતા ગીર-સોમનાથ જીલ્લાના જવાબદાર અધિકારીઓને આ કેસ પ્રકરણમાં તેડું આવ્યું છે અને આગામી તા.૧૭ જાન્યુઆરીના રોજ અમદાવાદ ગુજરાત હાઈકોર્ટમાં હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે અને જે અંગેની નોટિસ હાઈકોર્ટ દ્વારા આઈજીપી, એસપી, પીઆઈ, ખાણ ખનીજ કમિશનરશ્રીને પાઠવવામાં આવી છે.

# સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટી અને ઓક્સફોર્ડ યુનિવર્સિટી વચ્ચે હિન્દુ સ્ટડીઝ પર એમઓયુ અંગે થઈ ચર્ચા






## ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃત પરંપરાના વાહક એવી સોમનાથ યુનિવર્સિટીની મુલાકાતથી પ્રભાવિત થતા ડાયરેક્ટર શૌનક રિશીદાસ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળ સ્થિત સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને આધ્યાત્મિક શિક્ષણ સાથે ઉત્તમ ચરિત્ર ઘડનાર શિક્ષણ પ્રાપ્ત થઈ રહ્યુ છે. શિક્ષણ ઉપરાંત અન્ય ક્ષેત્રમાં પણ આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વિશિષ્ટ પ્રદાન આપ્યું છે. તેના અનુસંધાનમાં ઓકસફર્ડ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ (OCHS)ના ડાયરેકટર શૌનક રિશી દાસે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને ઓકસફોર્ડ યુનિવર્સિટી વચ્ચે હિન્દુ સ્ટડીઝ પર એમઓયુની શકયતાઓ અંગે વિસ્તારપુર્વક ચર્ચાઓ થઈ છે.

ઓકસફર્ડ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ (OCHS)ના ડિરેક્ટર શૌનક રિશી દાસે સોમનાથ સંસ્કૃત યુની.ના કુલપતિ પ્રો.સુકાન્તકુમાર સેનાપતિ સાથે વાર્તાલાપ કર્યો હતો. બંન્ને મહાનુભાવો વચ્ચે શિક્ષણથી લઈ હિંદુ ધર્મના તત્વજ્ઞાન તથા આધુનિક શિક્ષણ પદ્ધતિ વિશે ઊંડાણપૂર્વક ચર્ચાઓ થઈ હતી. આ તકે સોમનાથ સંસ્કૃતિ યુની. અને ઓકસફોર્ડ યુની. વચ્ચે હિન્દુ સ્ટડીઝ પર એમઓયુ અંગે વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે ડિરેકટરએ હિન્દુ સંસ્કૃતિ અને શિક્ષણ ઉપર વાર્તાલાપ પણ કર્યો હતો. બાદમાં સોમનાથ સંસ્કૃત યુની.નું પરિસર, શિક્ષણ પદ્ધતિ અને મેનેજમેન્ટ નિહાળી (OCHS)ના ડિરેક્ટર શૌનક રિશી દાસે પ્રતિભાવ આપતા જણાવેલ કે, અહીંનું શિક્ષણ જોઈ એવી અનુભૂતિ થઈ રહી છે કે જાણે ભારતીય પરંપરા પ્રમાણે જૂનું વૈદિક શિક્ષણ આધુનિક ઢબે અપાઈ રહ્યું છે. જે ખૂબ જ સારી વાત છે. ઉપરાંત તેમણે સોમનાથ મંદિરમાં દર્શન કરીને આધ્યાત્મનો પારાવાર અનુભવ થયો હોવાનું ઉમેર્યુ હતું.

ડિરેકટર સાથે પધારેલા ઓકસફોર્ડ યુની.ના પૂર્વ વિદ્યાર્થીની અને સાધ્વી ભાવિષાજીએ પોતાના પ્રતિભાવમાં જણાવેલ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં સામાજીક, આર્થિક સહિત સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ઉદય થઈ રહ્યો છે. પશ્ચિમના આધુનિક મૂલ્યોના પ્રભાવ સામે સાંસ્કૃતિક ક્ષેત્રે ઉદય આજના સમયની માંગ છે. જેનું વડાપ્રધાનની આગેવાનીમાં ઉત્તમ કામ થઈ રહ્યું છે. આ તકે યોગી વિદ્યાપીઠ આણંદના ચીફ એક્ઝિક્યૂટીવ ઓફિસર ડો.એન.સી.પટેલ, સંસ્કૃત યુનીના .કુલસચિવ દશરથ જાદવ, પ્રિન્સિપલ નરેન્દ્ર પંડ્યા, રિસર્ચ ઓફિસર કાર્તિક પંડ્યા સહિત પ્રોફેસર્સ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાણી પુરવઠા જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની સિદ્ધિઓના પુસ્તકનું વિમોચન કર્યુ



(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના 'સેવા સંકલ્પનું એક વર્ષ' પુસ્તકોના વિમોચન સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શનમાં એક વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓનું પ્રકાશન કરેલું છે.

મુખ્યમંત્રીએ આ ત્રણેય પુસ્તકોના વિમોચન રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક પહેલાં મંત્રીઓની ઉપસ્થિતિમાં કર્યા હતા.

પાણી પુરવઠા વિભાગે આ એક વર્ષમાં રાજ્યભરમાં રૂ. ૯૬૯.૩૪ કરોડની યોજનાઓના ખાતમૂહુર્ત કર્યા છે અને ૧૦૯૬ જેટલા ગામોની ગ્રામીણ જનસંખ્યાને પીવાનું પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે.

એટલું જ નહિ, ૫૪૯.૨૨ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના લોકાર્પણ દ્વારા ૮૨૩ ગામોને પાણી પહોંચતું કર્યું છે તેની સંપૂર્ણ વિગતો અને ભવિષ્યના આયોજનની વિસ્તૃત છણાવટ આ માહિતીસભર પુસ્તકોમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે પુસ્તિકાનું વિમોચન થયું છે તેમાં 'સૌને અન્ન-સૌને પોષણ' અન્વયેની યોજનાઓ તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ઉજ્જવલા યોજના સહિતની યોજનાકીય સિદ્ધિઓ પ્રસ્તુત થયેલી છે.

જળ સંપત્તિ વિભાગે રાજ્યના દૂર દરાજના તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં સૌની, સુજલામ સુફલામ યોજના તેમજ ભૂગર્ભજળ સંગ્રહ વૃદ્ધિ માટેના અભિયાનોની સફળતા 'સેવા સંકલ્પનું એક વર્ષ' પુસ્તકમાં વર્ણવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તકોના વિમોચન કર્યા તે અવસરે સંબંધિત વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમાર તથા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજપુત યુવક મંડળ અને રાજપુત સમાજ દ્વારા જામકંડોરણા ખાતે તાલુકા રાજપુત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

## જામકંડોરણા તાલુકાની રાજપુત સમાજની ૧૦ ક્રિકેટ ટીમો વચ્ચે મુકાબલો થશે




(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૪

જામકંડોરણા તાલુકા રાજપુત યુવક મંડળ અને રાજપુત સમાજ દ્વારા તાલુકા રાજપુત સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જામકંડોરણા તાલુકામાંથી પીપરડી ઈલેવન, યુવરાજ પીપરડી ઈલેવન, ચરેલ લાયન્સ, વાવડી ઈલેવન, અડવાલ ઈલેવન, રોયલ ઈલેવન, અચવડ ઈલેવન, પીપળીયા વોરિયર્સ, સાતોદડ ઈલેવન, સોડવદર ઈલેવન સહિત ૧૦ ટીમોનું રજીસ્ટ્રેશન થયેલ છે. આ ૧૦ ટીમો વચ્ચે તારીખ ૧૬ અને ૧૭એ જામકંડોરણાનાં જસાપર ગ્રાઉન્ડ ખાતે ભવ્ય મુકાબલો યોજાશે. રામદૂત પેટ્રોલિયમ ખજુરડા, શોમેશ્વર પેટ્રોલીયમ કાનાવડાલા, ભરતસિંહ ચુડાસમા ચરેલ હાલ રાજકોટનાં આર્થિક સહયોગથી આ ટુર્નામેન્ટનું આયોજન કરેલ છે. ટુર્નામેન્ટ રમાડતા વધતી રકમ રાજપુત યુવક મંડળ અને સમાજ દ્વારા ચાલતી સેવાકીય પ્રવુતિઓમાં જમાં કરવામાં આવશે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા રાજપુત સમાજના યુવાનો ક્રિકેટનાં જાણકાર ક્રિકેટ પ્રેમીભાઈ અરવિંદસિંહ જાડેજા પીપરડીનાં માર્ગદર્શન સતત જેહમત ઊઠાવી રહ્યા છે.

# આજે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ : 'ઉર્જા સંરક્ષણ-એક જીવનપદ્ધતિ' વિષયને કેન્દ્રમાં રાખીને થઈ રહેલ ઉજવણી

**પર્યાવરણની સુરક્ષા તથા નાણાંની બચત માટે બિનપરંપરાગત ઉર્જા તરફ વળવું જોઈએ વૈકલ્પિક ઉર્જા સ્રોત : પર્યાવરણ બચાવવાનું પણ એક મહત્વપૂર્ણ પરિબળ છે : ઉર્જા સંરક્ષણ ક્ષેત્રે સારું કાર્ય અને સંશોધન કરનારને સરકાર દ્વારા નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ આપીને પ્રોત્સાહિત કરાય છે**




દર વર્ષે ૧૪ ડિસેમ્બરે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ વર્ષ ૧૯૯૧થી દર વર્ષે ઉજવવામાં આવે છે. કેન્દ્ર સરકારના વીજળી મંત્રાલય અંતર્ગત BEE - બ્યુરો ઓફ એનર્જી એફીસીયન્સી (ઉર્જા દક્ષતા બ્યુરો) દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ લોકોમાં ઉર્જા બચત અને સંરક્ષણ વિષે જાગૃતિ કેળવવા તેમજ આ ક્ષેત્રે સારૂ કાર્ય કરનારા લોકો અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા ઉજવવામાં આવે છે. આ વર્ષે 'ઉર્જા સંરક્ષણ-એક જીવનપદ્ધતિ' વિષયને કેન્દ્રમાં રાખીને આ દિવસની ઉજવણી કરવામાં આવશે. પર્યાવરણની સુરક્ષા તથા નાણાંની બચત માટે વીજળીનો શક્ય તેટલો ઓછો ઉપયોગ કરવો જોઈએ તેમજ બિનપરંપરાગત ઉર્જા તરફ વળવું જોઈએ. શક્ય હોય ત્યાં વૈકલ્પિક ઉર્જા સ્રોત વાપરવા જોઈએ. જેમકે ઘરગથ્થું ઉપયોગમાં સૌથી વધુ વીજળી લેતું વોટર હીટર વાપરવાનું ટાળવું જોઈએ. તેની જગ્યાએ ગેસ આધારિત હીટર કે સોલાર વોટર હીટર વાપરી શકાય. આ ઉપરાંત એ.સી. વાપરતી વખતે બિનજરૂરી રીતે વધારે ઠંડક રાખવાનું ટાળવું જોઈએ. અત્યંત ગરમ વાતાવરણમાં પણ ૨૧ ડીગ્રીથી નીચેના તાપમાનની જરૂર નથી હોતી. કારમાં પણ ૨૧થી ઓછું તાપમાન રાખી બિનજરૂરી ઠંડક રાખવાથી પ્રદુષણ વધે છે. વપરાશમાં ન હોય તે તમામ ઈલેક્ટ્રિક સાધનોની સ્વીચ બંધ રાખવી, વીજ સંચાલિત સાધનોની નિયમિત સર્વિસ કરાવવી, જેથી તેમાં જરૂર કરતા વધારે પડતી ઉર્જા ન વપરાય. અત્યંત જુના પંખા દૈનિક વપરાશમાં હોય તો તેને દુર કરી નવા પાવર સેવર પંખા કે અદ્યતન BLDC ટેકનોલોજીના કાર્યક્ષમ પંખા વાપરવા જોઈએ. જૂની ટેકનોલોજીની ટ્યુબલાઈટ તેમજ બલ્બ કે સી.એફ.એલ.ને દુર કરી પ્રકાશ માટે એલ.ઈ.ડી.નો જ ઉપયોગ કરવો જોઈએ. આઉટડોર લાઈટીંગ માટે હેલોજન ને બદલે એલ.ઈ.ડી. આધારિત લાઈટનો ઉપયોગ કરવો જોઈએ. ઔદ્યોગિક અને સામુહિક જગ્યાઓ કે જ્યાં અવરજવર વખતે જ લાઈટની જરૂર હોય ત્યાં સતત લાઈટ ચાલુ રાખવાની જગ્યાએ મોશન સેન્સર લાઈટનો ઉપયોગ કરી શકાય, જેથી અવરજવર વખતે જ આપોઆપ લાઈટ ચાલુ રહે અને બાકીના સમયમાં લાઈટ જાતે જ બંધ થતા ઉર્જા બચે. કુદરતી પ્રકાશ અને ઠંડક મળી રહે તે રીતે ઘરની ડીઝાઈન કરવી જોઈએ. કૃત્રિમ લાઈટને બદલે કુદરતી સૂર્યપ્રકાશનો ઉપયોગ કરવો, ઘરમાં આછા રંગની દીવાલોથી ઓછી ઉર્જાથી કે સૂર્યપ્રકાશથી જ ઘર પ્રકાશિત કરી શકાય. ગરમીથી બચવા બારીઓ ઉપર જાડા પડદા લગાડવા. અગાસી ઉપર સફેદો પણ લગાડી શકાય. કુદરતી ઠંડક મેળવવા વધુને વધુ વૃક્ષો વાવવા જોઈએ. ગરમ વસ્તુને સામાન્ય તાપમાને ઠંડી થાય ત્યારબાદ જ ફ્રીજમાં રાખવી. ફ્રિજ કોલ્ડ વસ્તુને રાંધતા પહેલા થોડીવાર ખુલ્લા વાતાવરણમાં રાખવાથી તે સામાન્ય તાપમાને આવી જાય છે, અને રાંધવા માટે ઓછી ઉર્જાની જરૂર પડે છે. આઈ.એસ.આઈ. માર્ક વાળા તેમજ સારા સ્ટાર રેટિંગ વાળા ગુણવત્તાસભર અને ઉર્જા સક્ષમ ઉપકરણો જ વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ. રૂમમાંથી બાહર નીકળતી વખતે લાઈટ પંખા બંધ કરવાની આદત કેળવવી જોઈએ. ટ્રાફિક સિગ્નલ પર વાહન ઉભું રહે તેટલી વાર વાહન બંધ કરી દેવાથી ઈંધણની બચત થાય છે અને પ્રદુષણ અટકે છે. ઉર્જા સંરક્ષણ એ માત્ર પૈસા બચાવવાનું નહિ પણ પર્યાવરણ બચાવવાનું પણ એક મહત્વપૂર્ણ પરિબળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે જાન્યુઆરી ૨૦૧૫માં ઉજાલા યોજના અમલી બનાવી હતી. ઊર્જા મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના એકમો વચ્ચેની ભાગીદારીથી સ્થપાયેલ એનર્જી એફિશિયન્સી સર્વિસિસ લિમિટેડ (EESL) દ્વારા સંચાલિત આ પહેલ દ્વારા નાગરીકો માટે ઓછા પાવર વપરાશવાળા એલઈડી બલ્બ, ટ્યુબલાઈટ, પંખા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેને લીધે દેશભરમાં ખુબ મોટા પ્રમાણમાં વીજવપરાશ ઘટાડવામાં સફળતા મળી છે. ભારત સરકાર બિન પરંપરાગ સ્રોતો દ્વારા વધુને વધુ વીજળી ઉત્પન્ન કરીને કોલસા આધારિત વીજળી ઉત્પાદન ઘટાડવા પ્રયત્નશીલ છે, જેનાથી વીજ ઉત્પાદન થકી થતા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો આવશે. અર્થતંત્રના તમામ ક્ષેત્રોમાં ઉર્જા સંરક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ઊર્જા મંત્રાલય દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ પુરસ્કારો ઉદ્યોગ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવે છે.

**આલેખન : ભાર્ગવ કે. ભંડેરી**

# ઉનામાં અયોધ્યાથી આવેલ પૂજીત અક્ષત કળશનું ભવ્ય સ્વાગત

ઉના તા. ૧૪

ઉનામાં અયોધ્યા થી આવેલ પૂજીત અક્ષત કળશનું ઉનાના સનાતની ભાઈઓ અને બહેનો દ્વારા ખુબજ ભાવ ભેર હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર પૂજીત અક્ષત કળશ યાત્રા ટાવર ચોકથી નાની નાની બાળાઓ દ્વારા આ યાત્રા ઢોલ અને શરણાઈ સાથે વાજતે ગાજતે રામજી મંદિર પહોંચી ત્યાં મંદિર દ્વારા કળશની પૂજા આરતી કરી માન મર્યાદા પુરુષોત્તમ શ્રી રામજી મહારાજ ભગવાન ની મહા આરતી કરવામાં આવી હતી.જય જય શ્રી રામના દિવ્ય નારાથી મંદિર ગુંજી ઉઠ્યું હતું. આ પવિત્ર પૂજીત અક્ષત કળશ ને અયોધ્યા થી રાજકોટ અને ત્યાં થી ગીર સોમનાથ અને ત્યાંથી જિલ્લા મંત્રી નીપુલભાઈ શાહ, જિલ્લા કા.અધ્યક્ષ રામજીભાઈ પરમાર અને સાથે રામ ભક્તો દ્વારા લાવવામાં આવ્યા હતા. આ દિવ્ય કળશ કાર સેવકો, દાનવીરો, મંદિરોમાં પધરાવી સ્વાગત કરવામાં આવશે.

## અવસાન નોંધ

વેરાવળ : બાબુભાઈ પ્રેમજીભાઈ વિસાવડીયા (ઉ.વ.૭૫) તે, રાજુભાઈ, વિપુલભાઈના પિતાશ્રી, અરૂણભાઈ, પ્રવિણભાઈના કાકાનું તા.૧૦ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૪ ને ગુરુવારે સાંજે ૪ વાગ્યે નવા રામ મંદિર ખડખડ ખાતે રાખેલ છે.

વેરાવળ : સ્વ સંતોકબેન સ્વ.રામજીભાઇ રૂપાભીંડા ના પત્ની ઉમર વર્ષ ૯૭. તે નાથાભાઇ રૂપાભીંડા (રાજકોટ) તથા મધુબેન દક્ષાબેન લતાબેન ને કમળાબેન ના માતૃશ્રી અને નેહલ, સપના, સૌરભ, ચિંકલના દાદીમા અને સ્વ. હરજીવનભાઈ લાધાભાઈ ચંદ્રાણી ના પુત્રી તે ગિરધરભાઈ, મનસુખભાઈ અને સ્વ.જયસુખભાઈ અને સ્વ.હીરાબેન ના મોટા બહેન તા.૧૨/૧૨/૨૦૨૩, ને મંગળવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.સવર્ગસ્થ નું ઊઠમણુ તથા પિયરપક્ષ ની સાદડી તા ૧૪/૧૨/૨૦૨૩ ને ગુરૂવાર ના રોજ રાજ રાજેશ્વરી મંદિર ખાતે સાંજે ૦૪ થી ૦૫ દરમિયાન રાખેલ છે. રાજ રાજેશ્વરી મંદિર સ્ટર્લિન્ગ હોસ્પીટલ ની પાછળ રાજકોટ રાખેલ છે.

# ખંભાળિયામાં આખલાઓના મલ્લ યુધ્ધથી લોકોમાં ફફડાટ : મેઈન બજારમાં મચાવ્યું દંગલ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા શહેરમાં રસ્તે રઝળતા ઢોરના ત્રાસ હવે સામાન્ય બની ગયા છે. શહેરમાં આખલાઓ વચ્ચેની લડાઈથી અવારનવાર વાહનોને નુકસાન થવા ઉપરાંત કેટલાક લોકો ઢીંકે ચડતા હોવાની બાબતે લોકોમાં રોષની લાગણી પ્રસરાવી છે. ખંભાળિયાની મેઈન બજાર, સુપર માર્કેટમાં આજરોજ સવારે બે મજબૂત આખલાઓ જાણે જંગે ચડ્યા હોય તેમ લાંબો સમય સુધી બાખડ્યા હતા. જેના કારણે થોડો સમય લોકોમાં દોડધામ મચી જવા પામી છે. આશરે ૨૦ થી ૨૫ મિનિટ સુધી સતત યુદ્ધે ચડેલા આ આખલાઓને છૂટા પાડવા વેપારીઓ, રાહદારીઓએ ઠંડા પાણી તેમજ લાકડીનો સહારો લીધો હતો. પરંતુ જાણે જીદે ચડેલા આ નંદીઓએ થોડો સમય જાણે તોફાન મચાવી હોય તેવું ચિત્ર ખડું થયું હતું. આખલાઓના ત્રાસથી નગરજનો હવે ગળે આવી ગયા છે. જેને નાથવા તંત્ર પણ વામણું પુરવાર થઈ રહ્યું છે.

# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી ખાતે "સ્ટાફ ટુર્નામેન્ટ-૨૦૨૩" ની થયેલ ઉજવણી



જૂનાગઢ તા. ૧૪

ગુજરાત રાજયમાં ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટી વર્ષ ૨૦૨૧થી કાર્યરત છે. આ યુનિવર્સિટી અંતર્ગત વેટરનરી, ફિશરીઝ અને ડેરી સાયન્સ કોલેજ અને પોલીટેકનીક અભ્યાસક્રમનો સમાવેશ કરવામાંઆવેછે. મુખ્ય મથક ગાંધીનગરતેમજ દાંતીવાડા, નવસારી, આણંદ, જૂનાગઢ, હિમતનગર, અમરેલી, વેરાવળ જેવા ગુજરાતનાં જુદા-જુદા વિસ્તારોમાં કામધેનુ યુનિવર્સિટીની સંસ્થાઓ કાર્યરત છે. આ કામધેનુ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે વિવિધ રમતો જેવીકે, ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ ટેનીસ, ચેસ અને કેરમ જેવી સ્પર્ધાઓનું પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢનાં યજમાન પદે આયોજન કરવામાં આવ્યુહતુ. ક્રિકેટ સ્પર્ધામાં વેટરનરી કોલેજ હિમતનગરની ટીમ, બેડમિન્ટમાં શ્રી આકાશ સોલંકી-અમરેલી, ડૉ. અનીલ ચૌધરી-મહેસાણા, ટેબલ ટેનીસ સ્પર્ધા ડૉ. એ.બી. ઓડેદરા અને ડૉ. વી.વી. ગામીત વેટરનરી કોલેજ – જૂનાગઢ, ચેસ સ્પર્ધા – ડૉ. અંકિત કચ્છી, નોબલ પોલીટેકનીક, જૂનાગઢ કેરમ સ્પર્ધા – ડૉ. અંશુ અહલાવત, વેટરનરી કોલેજ, આણંદ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા.

ચેસ, કેરમ, બેડમિન્ટ અને ટેબલ ટેનીસ મહિલા સ્પર્ધામાં ડૉ. કે. સી. ગામીત તમામ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી વેટરનરી કોલેજ, જૂનાગઢનું નામ રોશન કર્યુ હતુ. સ્પર્ધાને અંતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવશે. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે ડૉ. પી.એચ. ટાંક, આચાર્ય, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય નાં માર્ગદર્શન હેઠળ ડૉ. દીન દયાળ ગર્ગ અને ડૉ. આર. જે. પડોદરાએ જહેમત ઉઠાવી હતી.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સેકસુઅલ હેરેસમેન્ટ એટ વર્કપ્લેસ પ્રીવેન્શન વીક અંતર્ગત જાગૃતી શિબિર યોજાઈ

## વિદ્યાર્થીનીઓ મહિલા સુરક્ષાને લગતા કાયદા - યોજનાઓ અંગે જાણકારી મેળવી



જૂનાગઢ તા. ૧૪


મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા **"Sexual Harassment at Workplace Prevention week"** નયી ચેતના ૨.૦ અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ડૉ.ચંદ્રેશ ભાંભીનાં માર્ગદર્શન હેઠળ એક જાગૃતિ શિબિરનું આયોજન જૂનાગઢની ડૉ.સુભાષ આર્ય કન્યા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓને સાયબર સેફટી, સાયબર ક્રાઈમ, મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ જેવીકે સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થીક સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય પુનઃલગ્ન યોજના તેમજ મહિલાઓ સબંધી કાયદાઓ જેવાકે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી, ઘરેલુ હિંસા અધિયનીયમ, દહેજ પ્રતિબંધ અધિનિયમ અને મહિલા કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન ડો.સુભાષ આર્ય કન્યા વિદ્યાલયના મેનેજરશ્રી રામભાઈ, પ્રિન્સીપાલશ્રી મૌસમીબેન માકડિયા, સુપરવાઈઝરશ્રી પ્રદીપભાઈ ખંભોલીયા, શિક્ષકગણ ડો.બીનાબેન સોમૈયા તથા ડો. ગોપાલભાઈ છાત્રોડીયા, મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત ચાલતા ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનનાં ડીસ્ટ્રીકટ મિશન કો-ઓર્ડીનેટર શ્રયેશભાઈ જોષી, જેન્ડર સ્પેશીયાલીસ્ટ કૃપાબેન ખુંટ, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક અંકિતાબેન ભાખર, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર મનીષાબેન રત્નોતર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈના કાઉન્સેલર અરુણાબેન કોલડિયા તથા ડો.સુભાષ એકેડમીની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતી.

# વેરાવળથી સોમનાથને જોડતા હાર્દસમા મુખ્યમાર્ગનું વિસ્તૃતીકરણ સાથે નવીનીકરણ કરવાના કામને વહેલી તકે મંજૂરી આપવાની મુખ્યમંત્રીએ ખાત્રી આપી

## વેરાવળ-સોમનાથના બિસ્માર રસ્તાઓના રીસરફેસિંગ માટે શાસકોની માંગ મુજબ મુખ્યમંત્રીએ રૂા.૪.૨૫ કરોડની ગ્રાંટ ફાળવી, પાલીકાના શાસકોએ શહેરના વિકાસકામોને લઈ રૂબરૂ મળતા મુખ્યમંત્રીએ અનેક કામોની ભેટ આપી





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૪

વેરાવળ-સોમનાથના મુખ્ય માર્ગને બ્યુટીફીકેશન સાથે ચાર માર્ગીય બનાવવા અને ભારે વરસાદથી શહેરના બિસ્માર બની ગયેલા રસ્તાઓની રીસરફેસિંગની કામગીરી કરવા પાલીકાના શાસકોએ રૂબરૂ મળીને મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેને સ્વીકારી ત્વરીત રસ્તાના કામો માટે રૂા.૪.૨૫ કરોડની ગ્રાંટ ફાળવી દીધેલ જ્યારે મુખ્યમાર્ગના નવીનીકરણ માટે મૌખિક ખાત્રી આપી વ્હેલીતકે પ્રક્રીયા પુર્ણ કરવાની સૂચના સબંધિત વિભાગને આપી હતી.

તાજેતરમાં પાલીકાની શાસન સાંભળનાર પ્રમુખ પલ્લવીબેન જયદેવભાઈ જાની, બાંધકામ ચેરમેન દિક્ષીતાબેન અંકુરભાઈ અઢીયા, ટીપી ચેરમેન ભારતીબેન કાળુભાઈ ચંદનાની, ચીફ ઓફીસર ચેતન ડુડિયા જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાની આગેવાનીમાં જોડીયા શહેરની જરૂરીયાતના અગત્યના વિવિધ વિકાસકામોની યાદી લઈ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી રજુઆત કરી હતી. જેમાં જોડીયા શહેરમાં પડેલ ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓ ધોવાઈ જતા બિસ્માર બની ગયા છે. જેને રીસરફેસિંગ કરવા ગ્રાંટની જરૂર હોય તેની વિગતવાર રજૂઆત કરતા મુખ્યમંત્રીએ ત્વરીત રૂા.૪.૨૫ કરોડની ગ્રાંટ મંજુર કરી આપી હતી.

આ ઉપરાંત પાલીકામાં ભળેલા ઓજી વિસ્તારોને "વિકાસ વિસ્તાર" તરીકે જાહેર કરી એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીમાં સમાવેશ કરવા માટે પાલીકાએ કરેલ ઠરાવો અને નકશા કોપી સાથે લેખીત રજુઆત કરેલ જેને વ્હેલીતકે મંજુરી આપવા ખાત્રી આપી હતી. ચોપાટીના ફેસ -૨ ના કામમાં નવી એમીનીટીસો મુકવા, ફુડ સ્ટોલો બનાવવા જેવી આધુનીક સુવિધાઓ વધારવા માંગણી કરેલ જે પુર્ણ કરવા જરૂરી સૂચના આપી હતી.

### હાર્દસમા રસ્તાનું આવું થશે નવીનીકરણ

આ બેઠકમાં પાલીકાના શાસકો તરફથી જોડીયા શહેરના હાર્દસમા નમસ્તે સર્કલથી સોમનાથ મંદિરના શંખ સર્કલ સુધીના અંદાજે ૯ કીમીના માર્ગને મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નવનિર્માણ સાથે વિસ્તૃતીકરણ કરવાની પાલિકાએ દરખાસ્ત કરી છે. જેને મંજુરી આપવા માંગ કરી હતી. આ રસ્તો યાત્રાધામની ઝાંખી કરવાતો ગૌરવરૂપ બની રહે તે માટે ૯ કીમીના રસ્તો બે માંથી ચાર માર્ગીય બનાવવાની સાથે તેમાં સાયકલ પાથ-વે, પ્લાન્ટેશન, લાઈટીંગ જેવી સુવિધા સભર બનાવવાનું આયોજન કરતું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. જેનાથી પ્રભાવિત થઈ શહેરને ભેટ આપવા માટે આ રસ્તાના નવીનીકરણના કામને વ્હેલીતકે મંજૂરી આપવાની મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ ખાત્રી આપી હોવાનું પાલીકાના શાસકોએ જણાવ્યુ છે.

# માળીયા હાટીના તાલુકાના જાનડી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ





જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના જાનડી ગામે વિકસિત ભારત સંકલ્પયાત્રા રથનું ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું. જાનડી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ તેમજ આયુષ્માન કાર્ડ, ઉજ્જવલા યોજના,પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પીએમ કિશાન યોજના, સોઈલ હેલ્થ કાર્ડ જેવી સરકારી કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી ગ્રામજનોને આપવામાં આવી હતી. સરકારની યોજનાઓ અન્વયે લાભાન્વિત થયેલા લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગ્રાજજનોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રજાજોગ વિકસિત ભારત સંકલ્પ નો સંદેશો સાંભળ્યો હતો. તેમજ સરકારશ્રીની લોક કલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓનાં પ્રતિભાવો આપ્યા હતા. અંતમાં ઉપસ્થિત નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્રને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં માજી સરપંચ, ગામના આગેવાનો,પશુપાલન વિભાગ, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિભાગ, આઈ.સી.ડી.એસ. સહિતનાં સંબધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં પૂજિત અજાત કળશનું સ્વાગત કરાયું





ઉના તા. ૧૪

અયોધ્યામાં મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામનાં ભવ્ય મંદિરમા પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા તા.૨૨/૧/૨૦૨૪જાન્યુઆરીના રોજ યોજાવાની હોય જેથી અયોધ્યાથી પૂજિત અક્ષતના કળશ ઊનામાં આગમન થતાં ટાવર ચોક પાસે આવતા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા કક્ષાના મંત્રી નીપુલભાઈ શાહ, જિલ્લા અધ્યક્ષ રામજીભાઈ પરમાર, હરકિશન ભાઈ શાહ તેમજ ઊના શહેરના સનાતની ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને કુવારિકા બાળાઓએ માથે કળશ લઈ સ્વાગત કરેલ હતું. ટાવર ચોકથી ઢોલ અને શરણાઈ વગાડતા વગાડતા ઊનાના પ્રાચીન રામજી મંદિરએ પહોંચેલ અને પૂજન કરી મહાઆરતી કરેલ હતી. અને તમામ ભકતોને પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું માળિયા હાટીનાના ઘુંઘટી ગામે સ્વાગત કરાયું

## સોઈલ હેલ્થ કાર્ડ, આયુષ્માન ભારત કાર્ડ, ઉજ્વલા યોજના સહિતના યોજનાકિય લાભોનું વિતરણ કરાયું





જૂનાગઢ તા.૧૪

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું માળીયાહાટીના તાલુકાના ઘુંઘટી ગામે ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામજનોને જુદી જુદી પ્રજાલક્ષી યોજનાઓની જાણકારી આપવાની સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળનું આયુષ્માન ભારત કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ, ઉજ્વલા યોજના સહિતના યોજનાકિય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રાકૃતિક ખેતીને અનુલક્ષીને કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

મેરી કહાની મેરી જુબાની અંતર્ગત કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થીઓએ આ યોજનાથી થયેલ લાભ અંગે પ્રતિભાવો આપ્યા હતા.વધુમાં ગ્રામજનોએ હેલ્થ કેમ્પના માધ્યમથી આરોગ્ય સેવાઓનો પણ લાભ લીધો હતો. ઉપરાંત વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા હતા. સરકારની વિવિધ યોજનાના સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. તેમજ વિવિધ વિભાગ દ્વારા પ્રદર્શન સ્ટોલ અને કેમ્પ પણ રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે આગેવાનો, જુદા જુદા વિભાગના અધિકારી કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલા મહાકુંભ સ્પર્ધામાં જામનગરની શાળા નં-૧૮ની વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા થઈ



જામનગર તા. ૧૩

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તક કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ - ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી જામનગર દ્વારા જામનગર શહેર ઝોન-૧ થી ૬ કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં જામનગર શહેર ઝોન-૫ કક્ષાએ શાળા નં-૧૮ જામનગરની દેવાંશી પાગડાએ વક્તવ્ય પ્રથમ, એકપાત્ર અભિનયમાં ગોપી વારોતરીયા પ્રથમ, સુમણિયા તેજલ નિબંધમાં પ્રથમ, ધારવિયા દ્રષ્ટીએ લગ્નગીત અને કછેટીયા ગૌરીએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ હતું અને શહેર કક્ષાએ શાળનું પ્રતિનિધિત્વ કરશે. પુષ્પાબેન કપુરિયા અને હિરલબેન પંડ્યાએ ટીમ મેનેજર તરીકે સેવા આપી હતી. શાળાના આચાર્ય દિપક પાગડાએ શાળા પરીવારવતી વિજેતા સ્પર્ધકો, માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતાં.

# પારસમણિ કે સ્પર્શસે કંચન ભયે તલવાર, "તુલસી " તીનો ના ગયે, માર, ધાર,આકાર"

ઉપરોક્ત સાખી દ્વારા સંત શિરોમણી શ્રી તુલસીદાસજીએ માનવજાત ઉપર બહું મોટો ચાબખો માર્યો છે. તુલસીદાસજીએ જે કાંઈ પણ લખ્યું છે તે માનવજાતને નજર સમક્ષ રાખીને જ લખ્યું છે અને આપણે એમાંથી કાંઈક શીખવાની પ્રેરણા જરૂરથી લેવી જોઈએ. ઉપરોક્ત સાખીમાં તુલસીદાસજીના કહેવાનો મતલબ એવો છે કે પારસ નામનો મણિ બહું અલભ્ય અને અતિ દુર્લભ છે અને બહુ સરળતાથી અને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી. અને ભૂલેચૂકે કોઈ ભાગ્યશાળી વ્યક્તિને પારસમણિ મળે તો તે માલામાલ થઈ જાય છે. પારસમણિ એ એક એવો મણિ છે કે જેનો સ્પર્શ માત્ર થવાથી લોખંડ સોનામાં પરિવર્તિત થઈ જાય છે.

તુલસીદાસજીના કહેવાનો મર્મ એ છે કે, પારસમણિના સ્પર્શ માત્રથી લોઢાની તલવાર સોનાની ચોક્કસ બની જાય છે, પરંતુ એની ધાર, અણી કે તીક્ષ્ણતા એમનાં એમજ રહે છે, એની મારવાની શક્તિ તથા આકારમાં કોઈજ ફેરફાર કે પરિવર્તન થાતું નથી.હવે એ તલવાર શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય છે કારણકે વખત આવે યુદ્ધનાં મેદાનમાં પણ કામ લાગતી નથી. એવી રીતે અમુક દંભી માણશો સજ્જન અને ધાર્મિક હોવાનો ખોટો ડોળ કરે છે, દિવસમાં બે વખત સ્નાન કરે છે, મંદિરમાં જઈ પૂજા પાઠ કરી પ્રસાદ ધરાવે છે, ગળામાં જાતજાતની માળાઓ ધારણ કરે છે, કથા, કીર્તનમાં નિયમિત જાય છે કે જેથી લોકોમાં એમની સારી છાપ પડે.તુલસીદાસજી કહે છે કે, આ નર્યો દંભ અને પાખંડ છે અને આવા વ્યક્તિઓ બગભગતની વ્યાખ્યામાં આવે છે. જેમ બગલો એક પગે ઊભો રહી તપ કરતો હોય એવો ડોળ કરે છે, પરંતુ જેવી માછલી પગ પાસે આવે કે તરતજ માછલીનો શિકાર કરે છે. આવીજ રીતે દંભી માણસો ઝાઝા દેખાડાં જરૂર કરે છે, કોઈને ગુરૂ બનાવે છે, પરંતુ તેઓ પોતાનો જન્મજાત સ્વભાવ છોડતાં નથી. પોતાનો મદ,અહંકાર કદી ત્યજતા નથી અને સાપ જેમ ડંખ મારે એમ લાગ મળતાં સામેની વ્યક્તિનું ગળું કાપતાં સ્હેજ પણ વિચાર કરતાં નથી. માણસે જ્ઞાની સાધુ સંતની સોબતમાં રહીને, પોતાનો સ્વભાવ અને જીવન એ પ્રમાણે બદલવું જોઈએ, કોઈને કનડતા કરતાં કોઈને મદદરૂપ થવાની ભાવના રાખવી જોઈએ. સારા અને સદ્દગુણી ગુરૂ પાસેથી જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે અન્ય લોકોને વહેંચવું જોઈએ. જો તમે એક વ્યક્તિમાં પણ બદલાવ લાવી શકશો તો એ તમારી સિદ્ધિ ગણાશે. પરંતુ આ બધું પોથીમાંનાં રીંગણાં જેવું છે. જેમ પારસમણિના સ્પર્શતી લોખંડની તલવાર સોનાની બની જાય છે, પરંતુ એનો આકાર, એની ધાર અને કાપવાની છટામાં કોઈજ ફરક પડતો નથી. એવીજ રીતે સારા સંતના ચરણોમાં સ્થાન પામ્યાં પછી તે વ્યક્તિ લોકોમાં જાણીતો જરૂર બને છે, પરંતુ એ એની હલકી વૃત્તિઓ, અવગુણો કે બુરાઈઓને ત્યાગતો નથી, એ તો એનાં મનમાં છુપાઈને બેઠેલા જ છે. હકીકતમાં માનવજાતે આ બધું બદલવાની જરૂર છે. તુલસીદાસજી કહે છે કે કોઈપણ વ્યક્તિ ગમે તેવો ડોળ, દેખાવ કે આડંબર કરે, એકના એક દિવસે તો એની પોલ ખુલી જાય છે. આમ તલવારના ઉદાહરણ દ્વારા તુલસીદાસજીએ માનવજાતને પોતાનો સ્વભાવ બદલવાની ઝાંખી બતાવી છે.

– યોગેશભાઈ આર. જોશી

હાલોલ: ૩૮૯૩૫૦, જિ.પંચમહાલ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કાળી કમાણી કરનારા ભ્રષ્ટાચારીઓ બે લગામ !!

ઓડિશામાં શરાબ બનાવતી કંપનીઓના એક ગ્રુપ અને તેની સાથે જોડાયેલા પરિસરો પર આવકવેરા વિભાગની છાપામારીમાં લગભગ ૩૦૦ કરોડ રૂપિયા ઉપરાંતની રોકડ ઝડપાઈ તે ચોંકાવનારી તો છે જ, એટલું જ હેરાન કરનારું એ છે કે આ કાળા નાણાંના તાર કોંગ્રેસના રાજ્યસભાનાં સાંસદ ધીરજ સાહૂ સાથે જોડાયેલા છે. આના પરથી કંઈ સાબિત થાય છે તો એ જ કે ભ્રષ્ટાચાર વિરુદ્ઘ કેટલીય સક્રિયતા છતાં એના પર લગામ લાગતી દેખાતી નથી. ધીરજ સાહૂના મેનેજરના સ્થળેથી પણ ૧૦૦ કરોડ રૂપિયાની રોકડ મળી હોવાના અહેવાલો છે! કોઈપણ એજન્સીના એક અભિયાનમાં જપ્ત કરવામાં આવેલ આ સૌથી વધુ કાળું નાણું છે. જોકે ધીરજ સાહૂ કોઈ પહેલા એવા નેતા નથી જેમને ત્યાંથી અખૂટ ધનરાશિ મળી હોય. તેના પહેલાં દેશ ત્યારે દંગ રહી ગયો હતો, જ્યારે બંગાળમાં મમતા સરકારના મંત્રી પાર્થ ચેટર્જીની મહિલા મિત્રને ત્યાંથી ૫૦ કરોડ રૂપિયા રોકડ ઝડપાવાની સાથે કેટલીય અચલ સંપત્તિઓના દસ્તાવેજ મળ્યા હતા. તેમણે આ અખૂટ સંપદા શિક્ષકોની ભરતીમાં કૌભાંડ કરીને એકઠી કરી હતી. પોતાના મંત્રીના ભ્રષ્ટાચારને જોતાં તૃણમૂલ કોંગ્રેસે તેમને હાંકી કાઢ્યા હતા, પરંતુ કોંગ્રેસ હજુ સુધી ધીરજ સાહૂને લઈને મૌન જ છે. તેમના બચાવમાં ચોક્કસ એવા સૂર સંભળાયા કે તેઓ બહુ મોટા અને ખાનદારી ધંધાદારી છે.

પહેલી નજરમાં જ આ ભ્રષ્ટાચારનો ગંભીર કેસ જણાય છે. ઝારખંડમાં પણ આવો જ એક કિસ્સો ત્યારે બન્યો હતો જ્યારે આઈએએસ પૂજા સિંઘલના સંબંધીને ત્યાંથી ઈડીને લગભગ ૧૭ કરોડ રૂપિયાની રોકડ મળી હતી. આ કિસ્સા એ જ દર્શાવે છે કે ભ્રષ્ટ નેતા, નોકરશાહ અને કારોબારીઓ કરોડોનાં કૌભાંડ કરી શકવામાં સક્ષમ છે. જે ભ્રષ્ટ નેતા કારોબારી પણ હોય છે, તે બંને હાથેથી અખૂટ સંપદા એકઠી કરવામાં એટલા માટે વધુ સમર્થ હોય છે, કારણ કે તેમને રાજકીય સંરક્ષણ મળે છે. ધીરજ સાહૂ બે વખત લોકસભાની ચૂંટણી લડ્યા, પરંતુ બંને વાર હારી ગયા. ત્યારબાદ પણ તેઓ કોંગ્રેસ નેતૃત્વની કૃપાથી રાજ્યસભા પહોંચતા રહ્યા. જ્યાં સુધી કોઈ પ્રમાણ ન મળે ત્યાં સુધી એમ ન કહી શકાય કે તેઓ પૈસાના જોરે ઉચ્ચ સદનમાં પહોંચ્યા, પરંતુ એ કોઈથી છૂપું નથી કે કઈ રીતે કેટલાક લોકો ધનબળ દ્વારા રાજ્યસભાની સદસ્યતા હાંસલ કરી લે છે. કાળી કમાણી કરનારા કઈ રીતે ભ્રષ્ટાચાર નિરોધક એજન્સીઓની આંખોમાં ધૂળ નાખે છે, તે એનાથી ખબર પડે છે કે ધીરજ સાહૂએ ૨૦૧૮માં રાજ્યસભા સદસ્ય બનતી વખતે પોતાના સોગંદનામામાં એમ જણાવ્યું હતું કે તેમની પાસે કુલ સંપત્તિ ૩૪.૮૩ કરોડ રૂપિયાની છે. એટલાથી સંતુષ્ટ ન થઈ શકાય કે આવકવેરા વિભાગે તેમની પોલ ખોલી નાખી, કારણ કે દેશમાં એવા લોકોની અછત નથી, જેઓ ભ્રષ્ટાચાર નિરોધક એજન્સીઓની નજરથી બચીને ખૂબ કાળી કમાણી કરી રહ્યા છે. સ્પષ્ટ છે કે આ એજન્સીઓએ વધુ સજાગ રહેવું પડશે. શરાબના કારોબાર સાથે જોડાયેલા આ કાળા નાણાંનો સંબંધ કોંગ્રેસ સાંસદ સાથે હોવાનો ખુલાસો ચૂંટણી પરાજયો બાદ ખુદ કોંગ્રેસ માટે અસહજ કરનારો તો છે જ, સાથે જ આ સચ્ચાઈ સંસદના ઉચ્ચ સદનની છબિ વિશે પણ ઉઘાડ કરે છે, જેના વિશે માનવામાં આવે છે કે હવે ત્યાં મોટાભાગે ધનવાન લોકો જ પહોંચે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ભય કાયમ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.

- એમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૨ ચંદ્રદર્શન તા.૧૪ ડિસેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૩૦, મૂળ નક્ષત્ર, ગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૫, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

### કેનેડાથી અત્યંત ચોંકાવનારા સમાચાર

# ૫૭ વર્ષના પૂર્વ શેફે ૪૦ દેશોમાં મોકલ્યા હતા ઝેરી પાર્સલ



## કેનેડાની પોલીસે ૫૭ વર્ષના પૂર્વ શેફ કેનેથ લો પર સેકેન્ડ ડિગ્રી હત્યાના ૧૪ કેસનો આરોપ લગાવ્યો હતો

ઓટ્ટાવા, તા.૧૪

કેનેડાની પોલીસે ૫૭ વર્ષના પૂર્વ શેફ કેનેથ લો પર સેકેન્ડ ડિગ્રી હત્યાના ૧૪ કેસનો આરોપ લગાવ્યો છે. આ પહેલા લો પર એવા લોકોની આત્મહત્યામાં મદદ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો જેમણે કથિત રીતે તેની પાસેથી ઓનલાઈન ઘાતક કેમિકલ ખરીદ્યું હતું. બ્રિટિશ જાસૂસોએ લોને બ્રિટનમાં ૯૦ મોત સાથે પણ સાંકળ્યો છે. રિપોર્ટ મુજબ લોના વકીલ મેથ્યુ ગ્રેલેએ જણાવ્યું છે કે તેમના અસીલનો ઈરાદો આરોપો માટે દોષિત ન હોવાની અપીલનો છે. પોલીસે મંગળવારે હત્યાના આરોપોની જાહેરાત કરી. દેશના સૌથી મોટા પ્રાંત ઓન્ટારિયોમાં લો વિરુદ્ધ ખુબ જ જટિલ અને મોટી તપાસમાં ૧૧ પોલીસ એજન્સીઓ સામેલ છે. યોર્ક ક્ષેત્રીય પોલીસના એક નિરીક્ષક સાઈમન જેમ્સે કહ્યું કે નવી હત્યાનો આરોપ ઓન્ટારિયોમાં કુલ ૧૪ પીડિતો સંબંધિત છે. તેમણે કહ્યું કે એવા પુરાવા આવ્યા છે કે જે બીજી ડિગ્રીની હત્યાના આરોપનું સમર્થન કરે છે. જો કે તેમણે તપાસ ચાલુ હોવાના કારણે વધુ વિગતો આપવાની ના પાડી દીધી. હત્યાના આરોપ સાથે લો પર ઓન્ટારિયોમાં થયેલી મોતો મામલે આત્મહત્યામાં મદદ કરવા અને સલાહ આપવાના ૧૪ કેસ, એમ કુલ ૨૮ આરોપ છે. જો કેનેડિયન કાયદા હેઠળ તેને સેકન્ડ ડિગ્રી હત્યાનો દોષિત ઠેરવવામાં આવે તો આજીવન કેદ થઈ શકે છે. લો હાલ પોલીસ કસ્ટડીમાં છે અને કેનેડાના અન્ય ભાગો તથા યુકે સહિત અનેક દેશોની તપાસનો તે વિષય બનેલો છે. કેનેડિયન જાસૂસોએ કહ્યું કે લોએ લોકોને પોતાનું જીવન સમાપ્ત કરવા માટે ઉપકરણ અને પદાર્થ રજૂ કરનારી અનેક વેબસાઈટ ચલાવી હતી. પોલીસનું માનવું છે કે તેણે લગભગ ૪૦ દેશોમાં ઘાતક પદાર્થો વાળા ૧૨૦૦થી વધુ પાર્સલો મોકલ્યા હશે. લોને પહેલીવાર મે મહિનામાં પકડવામાં આવ્યો હતો અને તેના પર આત્મહત્યામાં મદદ કરવાનો આરોપ લાગ્યો હતો. ઓગસ્ટમાં પોલીસે તેના વિરુદ્ધ વધુ કેસો દાખલ કર્યા જે તમામ ઓન્ટારિયોમાં થયેલા મોત સંલગ્ન હતા. મૃતકોમાં ૧૬થી ૩૬ની વયના લોકો સામેલ હતા. જેમ્સે કહ્યું કે એકથી વધુ પીડિત ૧૮ વર્ષથી ઓછી વયના હતા. લોના અનેક કથિત પીડિત યુકેમાં પણ હોવાનું કહેવાય છે. જ્યારે લંડનમાં નેશનલ ક્રાઈમ એજન્સી (એનસીએ)એ કહ્યું કે એવું કહેવાય છે કે લોએ ૨૭૨ લોકોને પાર્સલ મોકલ્યા. એનસીએએ કહ્યું કે જેમને પાર્સલ મોકલવામાં આવ્યા તેમાંથી ૯૦ લોકોના પછી મોત થઈ ગયા. જો કે એ વાતની પુષ્ટિ નથી કરી શકાઈ કે દરેક મોતનું પ્રત્યક્ષ કારણ કોઈ ઝેરી પદાર્થ હતો.

# ટૂંક સમયમાં જ કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરફાર થવાની શક્યતા

## રાજકીય વર્તુળોમાં આ વાતની શક્યતા વ્યક્ત કરાઈ છે, ઘણા પ્રાદેશિક નેતાઓને મળી શકે છે તક

નવી દિલ્હી, તા.૧૪

શું ટૂંક સમયમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર થવા જઈ રહ્યો છે? ત્રણ રાજ્યોમાં નવા સીએમની રાજ્યાભિષેક બાદ આવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આ ચૂંટણીઓમાં ઘણા કેન્દ્રીય મંત્રીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, જેઓ હવે ચૂંટણી જીતીને ધારાસભ્ય બની ગયા છે. આવી સ્થિતિમાં તેમની ખાલી પડેલી જગ્યાઓ પર નવા મંત્રી બનાવવામાં આવી શકે છે. તે જ સમયે, અગ્રણી ચહેરાઓ જે ત્રણ રાજ્યોમાં સીએમ પદના મોટા દાવેદાર હતા તેમને પણ કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે. સૂત્રો પ્રમાણે આગામી ચૂંટણીમાં હવે ૬ મહિના કરતા ઓછો સમય બાકી છે. તેવામાં મંત્રીમંડળમાં ફેરફાર કોઈ જરૂરી નથી પરંતુ આગામી ચૂંટણીમાં ફાયદો લેવા માટે રાજ્યોના ઘણા મોટા નેતાઓને ભાજપ હાઈકમાન્ડ મંત્રી પદ આપી શકે છે. જો ફેરફાર થાય છે તેનાથી તેની નારાજગી ઓછી થઈ શકે છે, તો રાજયોમાં પણ પાર્ટીએ સંતુલન જાળવવામાં સરળતા થઈ શકે છે.

રાજસ્થાનની વાત કરીએ તો ત્યાં વસુંધરા રાજેને કેન્દ્રમાં લાવી મંત્રી બનાવી શકાય છે. કિરોડી લાલ મીણાને પણ આ વખતે મંત્રી પદ મળી શકે છે. મધ્ય પ્રદેશમાં નરેન્દ્ર સિંહ તોમરને સ્પીકર બનાવવાની વાત ચાલી રહી છે. તેવામાં તેમની ખાલી જગ્યા પર પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને કેન્દ્રીય મંત્રીમંડળમાં લાવી શકાય છે.

છત્તીસગઢથી એક-બે નેતાઓને આ વખતે કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરી શકાય છે. જો ફેરફાર થાય છે તો તેના જાતીય અને સામુદાયિક સમીકરણો પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. જેનાથી ૬ મહિનાની અંદર યોજાનાર લોકસભા ચૂંટણીમાં ભાજપની સંભાવનાઓ પર ખરાબ અસર ન પડે. તે માટે પાર્ટી કેટલાક નવા ચહેરા પર દાવ લગાવી શકે છે. ભાજપની સિસ્ટમ પર નજીકથી નજર રાખનાર રાજકીય નિષ્ણાંતો અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારનો નિર્ણય મુખ્ય રૂપથી પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ લેશે. પરંતુ તેમાં આરએસએસની પણ સલાહ લેવામાં આવશે. કેબિનેટમાં નવા મંત્રીઓને સામેલ કરવાની સાથે કેટલાક જૂના મંત્રીઓના વિભાગ બદલવામાં આવી શકે છે.

# કેનેડાની ગ્લેમર્સ અને ઝાકમઝોળ લાઈફનો ફૂગ્ગો હવે ફૂટવા લાગ્યો, લોકો દેશ છોડીને ભાગી રહ્યાં છે

(જી.એન.એસ)

ટોરેન્ટો-કેનેડા,તા.૧૪

ખાલિસ્તાની આતંકીઓને શરણ આપીને ભારત સાથે દુશ્મનાવટ કરનારા કેનેડાની મુશ્કેલીઓ સતત વધી રહી છે. ત્યાંની ગ્લેમર્સ અને ઝાકમઝોળ લાઈફનો ફૂગ્ગો હવે ફૂટવા લાગ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી હજારો લોકો કેનેડા છોડીને બીજા દેશોમાં શિફ્ટ થઈ રહ્યા છે. જેના કારણે કેનેડાની અર્થવ્યવસ્થા માટે મોટું જોખમ ઊભું થઈ રહ્યું છે. આ દુર્દશા માટે કેનેડામાં લોકો પીએમ જસ્ટિન ટ્રૂડોની ખોટી નીતિઓને જવાબદાર ગણાવી રહ્યા છે. આવામાં તમારે એ જાણવું જરૂરી છે કે આખરે એવું તે કયું કારણ છે કે જેના લીધે લોકોએ આવો નિર્ણય લેવા માટે મજબૂર થવું પડી રહ્યું છે.. રોયટર્સ એજન્સીના રિપોર્ટ મુજબ કેનેડામાં હવે રહેવું અને જીવનનિર્વાહ કરવો મોંઘું પડી રહ્યું છે. વધતી વસ્તીની સરખામણીમાં રહેણાંક મકાનોની સંખ્યા ઓછી હોવાના કારણે ત્યાં ઘરોના ભાડા ઝડપથી વધી રહ્યા છે. સ્થિતિ એ છે કે જેટલી લોકોની કમાણી છે તેનો ૩૦ ટકા ભાગ તો ફક્ત મકાનના ભાડા ચૂકવવામાં જાય છે. જેના કારણે તેમની કમર તૂટી રહી છે અને તેઓ હવે બીજા દેશો તરફ વળી રહ્યા છે.. રિપોર્ટ મુજબ કરિયર બનાવવા માટે કોંગકોંગથી આવીને કેનેડામાં રહેતી ૨૪ વર્ષની મહિલા એલી (નામ બદલ્યું છે) પણ હવે આ દેશ છોડવાનું વિચારી રહી છે. તે જણાવે છે કે ઘર ચલાવવા માટે હોંગકોંગથી તે કેનેડા આવી હતી. તે પૂર્વ ટોરંટોના સ્કારબોરોમાં એક રૂમવાળા ફ્લેટમાં રહે છે. જેનું એક મહિનાનું ભાડું ૬૫૦ કેનેડિયન ડોલર સુધી પહોંચી ગયું છે. જ્યારે તેની મહિનાની સેલેરી જ લગભગ ૧૯૦૦ કેનેડિયન ડોલર જેટલી છે. આ ભાડું તેની આવકના લગભગ ૩૦ ટકા જેટલું થઈ ગયું છે. જે ચૂકવવું હવે તેને અઘરું પડે છે.. એલીની જેમ કેનેડામાં ભાડાના મકાનમાં રહેતા અન્ય લોકો સામે પણ આ જ સમસ્યા છે. સૌથી મોટી પરેશાની એવા લાખો પ્રવાસી લોકો માટે છે જે સારા જીવનની ઈચ્છામાં કેનેડા પહોંચ્યા અને મોંઘા ઘરોના કારણે હવે ભાડાના ઘરોમાં રહેવા માટે મજબૂર બન્યા છે. ભાડામાં અતિશય વધારો થવાના કારણે વર્ષ ૨૦૨૧માં લગભગ ૮૫ હજાર લોકોએ કેનેડા છોડ્યું અને બીજા દેશોમાં વસી ગયા. જ્યારે પછીના વર્ષ ૨૦૨૨માં ૯૩ હજાર લોકો કેનેડા છોડીને અન્ય દેશોમાં ગયા. આ વર્ષે પણ અત્યાર સુધીમાં લગભગ ૪૨ હજાર કેનેડાથી પલાયન કરી ચૂક્યા છે.. કેનેડાથી લોકોના પલાયનના કારણે ત્યાંની ઈકોનોમીને મોટો ઝટકો લાગી રહ્યો છે. ત્યાંની અર્થવ્યવસ્થા મુખ્ય રીતે પ્રવાસી લોકોથી થતી આવક પર ટકેલી છે. આવામાં પ્રવાસીઓના પલાયનથી ત્યાંની સરકાર પણ ગભરાયેલી છે. લોકોનું કહેવું છે કે ટ્રૂડોની ખોટી નીતિઓનો માર તેમણે સહન કરવો પડી રહ્યો છે. કેનેડામાં વધુ ઘર બનાવવાની જરૂર છે.

# મોદી વિરૂદ્ધ સામનામાં લેખ બદલ સંજય રાઉત સામે એફઆઈઆર



મુંબઈ, તા.૧૪

શિવસેના (યુબીટી)ના નેતા અને રાજયસભાના સાંસદ સંજય રાઉતની મુશ્કેલીમાં ફસાયા છે. યુબીટીમુખપત્ર સામનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ લખેલા તેમના લેખે તેમને મુશ્કેલીમાં મુકી દીધા છે, તેમની વિરુદ્ધ યવતમાલ જિલ્લાના ઉમરખેડ પોલીસ સ્ટેશનમાં એફઆઈ આર નોંધવામાં આવી છે. યુબીટીમુખપત્ર સામનામાં ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ એક લેખ લખવામાં આવ્યો હતો. ભાજપના યવતમાલ સંયોજક નીતિન ભૂતડાની ફરિયાદના આધારે આ લેખ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. ભૂતડાનો આરોપ છે કે આ લેખમાં પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રવિવારના રોજ કોંગ્રેસને ચેતવણી આપી હતી કે જો ગાંધી પરિવારના નજીકના લોકો પીએમ મોદીને અનુકૂળ રાજનીતિ કરવાની ચાલુ રાખશે તો દેશની સૌથી જૂની પાર્ટીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પાર્ટીના મુખપત્ર સામનામાં પ્રકાશિત તેમની સાપ્તાહિક કોલમ રોકથોકમાં રાઉતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ) અંગે ચિંતા વ્યક્ત કરવા હાકલ કરી હતી. સંજય રાઉતે દાવો કર્યો હતો કે મધ્યપ્રદેશમાં જયારે મતપત્રની ગણતરી થઈ રહી હતી ત્યારે કોંગ્રેસ ૧૯૯ સીટો પર આગળ હતી પરંતુ ઈવીએમથી ગણતરી શરુ થતા જ પરિસ્થિતિઓ બદલાઈ ગઈ હતી.

મધ્યપ્રદેશમાં કોંગ્રેસના અધ્યક્ષ કમલનાથનો ઉલ્લેખ કરતા સંજય રાઉતે કહ્યું, 'જો ગાંધી પરિવારની આસપાસના લોકો મોદી અને શાહ માટે અનુકૂળ રાજનીતિ કરશે, તો ૨૦૨૪માં વધુ જોખમ રહેશે.' કમલનાથે મધ્યપ્રદેશમાં વિધાનસભા ચુંટણી દરમિયાન કોંગ્રેસના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું. તેમણે કહ્યું કે મોદીનો જાદુ ત્રણ રાજ્યોમાં કામ કરી ગયો પરંતુ તેલંગાણામાં તે કામ ન કરી શક્યો. આ ભ્રમ છે કે કોંગ્રેસ મોદીને હરાવી શકતું નથી.સંજય રાઉતે વર્ષ ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે કોંગ્રેસે અગાઉ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપને હરાવ્યું છે. રાઉતે કહ્યું કે રાજસ્થાન અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીઓ અનુક્રમે અશોક ગેહલોત અને ભૂપેશ બઘેલ ચૂંટણી લડ્યા હતા પરંતુ તેમ છતાં કોંગ્રેસ બંને રાજ્યોમાં હારી ગઈ હતી.

# ભારતીય મૂળની અમેરિકન સ્ટુડન્ટ રિજુલ મૈની મિસ ઈન્ડિયા યુએસએ ૨૦૨૩નો ખિતાબ જીતી



(જી.એન.એસ),તા.૧૪

ભારતીય મૂળની અમેરિકન સ્ટુડન્ટ રિજુલ મૈની મિસ ઈન્ડિયા યુએસએ ૨૦૨૩નો ખિતાબ જીત્યા બાદ હેડલાઈન્સમાં છે. ન્યુ જર્સીમાં સૌંદર્ય સ્પર્ધા જીત્યા બાદ રિજુલ સમાચારમાં છે.આ સ્પર્ધાને ભારતની બહાર લાંબી ચાલતી સ્પર્ધા તરીકે જોવામાં આવે છે. આ વર્ષે આ સ્પર્ધાની ૪૧મી આવૃત્તિ ખૂબ જ લોકપ્રિય રહી હતી. આ સ્પર્ધામાં અમેરિકાના ૨૫ થી વધુ રાજ્યોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા માત્ર ભારતીય મૂળના અમેરિકન નાગરિકો માટે છે.જ્યારે મેસેચ્યુસેટ્સની સ્નેહા નામ્બિયારે મિસિસ ઈન્ડિયા યુએસએ અને પેન્સિલવેનિયાની સલોની રામમોહને મિસ ટીન ઈન્ડિયા યુએસએનો ખિતાબ જીત્યો હતો.. આયોજકોનું કહેવું છે કે ૨૫ થી વધુ દેશોના ૫૭ ઉમેદવારોએ ત્રણ અલગ-અલગ સૌંદર્ય સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ ત્રણ સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ ઈન્ડિયા યુએસએ, મિસિસ ઈન્ડિયા યુએસએ અને મિસ ટીન ઈન્ડિયા યુએસએનો સમાવેશ થાય છે. આ સૌંદર્ય સ્પર્ધાની શરૂઆત ન્યૂયોર્ક સ્થિત ભારતીય-અમેરિકન ધર્માત્મા સરન અને નીલમ સરન દ્વારા વર્લ્ડવાઈડ પેજન્ટ્સના બેનર હેઠળ કરવામાં આવી હતી.. વર્લ્ડવાઈડ પેજન્ટ્સના સ્થાપક અને પ્રમુખ, ધર્માત્મા સરને કહ્યું કે હું વિશ્વભરના ભારતીય સમુદાયને વર્ષોથી સતત મળતા સમર્થન માટે ખૂબ જ આભારી છું.આ જીત બાદ રિજુલે કહ્યું કે મિસ ઈન્ડિયા યુએસએ ૨૦૨૩નો ખિતાબ જીત્યા બાદ તે ખૂબ જ ખુશ અને આભારી છે. મારા માતા-પિતા અને પરિવારના સહયોગ વિના આ શક્ય ન બન્યું હોત. મિશિગન પેજન્ટ ડિરેક્ટર્સ અને મારા મિત્રોએ મને દરેક પગલામાં ટેકો આપ્યો.રિજુલ મૈની ભારતીય મૂળની ૨૪ વર્ષની અમેરિકન મેડિકલ સ્ટુડન્ટ છે. રિજુલ સર્જન બનીને મહિલાઓ માટે રોલ મોડલ બનવા માંગે છે.

# મોંઘવારીનું વધુ એક બુલડોઝર : રાજ્યમાં સીંગતેલના ભાવમાં ભડકો થતાં સામાન્ય પરિવારની કમર તૂટી

**મગફળીની મબલખ આવક છતાં તેલના ભાવમાં ભડકો કાળા બજારિયાઓની ખોરી દાનત તરફ ઈશારો કરનાર : પ્રજાને મોંઘવારીના ખપ્પરમાં હોમતાં નફાખોરો સામે સરકાર મૂકપ્રેક્ષક**



અમદાવાદ,તા.૧૪

'અચ્છે દિન'ની વાતો વચ્ચે સામાન્ય પ્રજા ઉપર મોંઘવારીનું બુલડોઝર ફરી રહ્યું છે ત્યારે કાળાબજારિયા અને નફાખોરો સામે સરકાર મૂકપ્રેક્ષક બની રહી છે. સામાન્ય પ્રજાને જીવન જરૂરી વસ્તુઓમાંની ખરીદીમાં ભીષણ મોંઘવારી નડી રહી છે. ત્યારે ગરીબો અને સામાન્ય પ્રજાની વ્હારે આવવા કોઈ તૈયાર નથી. માત્ર મોંઘવારી ઘટાડાની વાતો કરવામાં આવે છે. એટલું જ નહીં નફાખોરો ઉપર સરકારનું કોઈ નિયંત્રણ નથી. મગફળીની મબલખ આવક થવા છતાં સીંગતેલના ભાવ ઘટવાને બદલે વધ્યા છે. જે નફાખોરોની ખોરી દાનત તરફ ઈશારો કરે છે. દિવાળી બાદ સીંગતેલના ભાવમાં રૂ.૮૦નો વધારો થયો છે. જેમાં સીંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ રૂા.૨૭૦૦થી ૨૮૦૦ થયો છે. મગફળીની મોટી આવક છતાં ભાવમાં ઘટાડો થતો નથી. ચાલુ વર્ષે સીંગતેલના ડબ્બાનો ભાવ રૂા.૨૮૦૦થી ૩૦૦૦ રહી શકે છે. બારમાસી સીંગતેલ ભરવાની સીઝન શરૂ થઈ છે. ત્યારે સીંગતેલ ડબ્બાનો ૧૫ કિલોનો ભાવ રૂપિયા ૨૭૦૦થી ૨૮૦૦ થયો છે. દિવાળી બાદ સીંગતેલના ડબ્બે ભાવમાં ૮૦ રૂપિયાનો વધારો થયો છે. હાલ મોટા પ્રમાણમાં નવી મગફળી ઓઈલ મિલોમાં પિલાણ માટે પહોંચી રહી છે. મગફળીની મોટી આવક છતાં ભાવમાં કોઈ ઘટાડો થયો નથી. ચાલુ વર્ષે સીંગતેલ ડબ્બો રૂપિયા ૨૮૦૦થી ૩૦૦૦ આસપાસ રહેવાની સંભાવના છે. છેલ્લા ત્રણ વર્ષથી મગફળીના તેલની માંગ વધી છે. તેમજ લોકો હવે મગફળી ખરીદીને તેલ કઢાવી રહ્યાં છે. જેના કારણે ઓઈલ મીલમાં તેજીનો માહોલ આવ્યો છે. લોકોમાં મગફળીનું તેલ કઢાવી ખાવાનું પ્રમાણ વધતા ખેડૂતોને સારા ભાવ મળતા હતાં. અનેક લોકો ખેડૂત પાસેથી મગફળી ખરીદી કરી રહ્યાં છે. ભાવનગર જિલ્લામાં દિવાળી બાદ મીની ઓઈલ મીલ ધમધમતા થયા છે. ૪૫ કિલો મગફળીમાંથી ૧૫ કિલો તેલ નિકળે છે. ૧૫ કિલાનાં ૩૨૦૦ રૂપિયા ભાવે ઓઈલ મીલ વાળા તેલ વેચી રહ્યા છે.

# સાયબર ક્રાઈમથી થઈ રહેલા પડકારોનો સામનો કરવા યુ.કે.-ભારતના નિષ્ણાતો મંથન કરશે

ગાંધીનગર, તા.૧૪

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે તા.૧૧મી ડિસેમ્બરના રોજ બે દિવસીય "ભારત-યુકે ફોરેન્સિક સાયન્સ અને સાયબર સિક્યુરિટી કોન્ફરન્સ"નો પ્રારંભ થયો છે. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશન, અમદાવાદ અને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)-ગાંધીનગર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. ઉદ્‌ઘાટન સમારોહમાં ક્રિસ્ટીના સ્કોટ, ભારત સ્થિત બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશ્નર ડો.જે.એમ. વ્યાસ, NFSUના કુલપતિ અને પ્રો. (ડો.) એસ.ઓ. જુનારે, કેમ્પસ ડાયરેક્ટર, NFSU-ગાંધીનગર કેમ્પસ સ્ટેજ ઉપર હાજર હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડો. જે.એમ.વ્યાસે જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ વિશ્વમાં ડાર્ક વેબ, ક્રિપ્ટો કરન્સી સહિતના પડકારોનો સામનો કરવા માટે તમામ પ્રકારની અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ મજબૂત મિકેનિઝમની ઊભું કરવામાં સહાયરૂપ બનશે. સાયબર ક્રાઈમના સંદર્ભમાં ગુનેગારો દ્વારા અપનાવવામાં આવતી પદ્ધતિઓ દરેક દેશમાં જુદીજુદી જોવા મળે છે. વર્તમાન ઈન્ટરનેટના સમયમાં ગુનેગારો દુનિયાના એક ખૂણે બેસીને અન્ય દેશોમાં સાયબર ક્રાઈમ કરે છે. આવા સંજોગોમાં બે દેશોના નિષ્ણાતો પરસ્પર સહકારથી સાયબર ક્રાઈમને નિવારવા અને ગુનેગારોને શોધી કાઢવા માટે એક વ્યવસ્થિત નેટવર્ક ઊભું કરવા માટે દિશા સૂચવશે. ભારત સ્થિત બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર ક્રિસ્ટીના સ્કોટે જણાવ્યું હતું કે ભારત-યુકે રોડમેપ-૨૦૩૦ માટે આ કોન્ફરન્સ અત્યંત ઉપયોગી સાબિત થશે. સાયબર ક્રાઈમથી થઈ રહેલા પડકારોનો સામનો કેવી રીતે થઈ શકે અને આર્થિક સુરક્ષા અને સલામતી પુરી પાડવા શું ઉપાયો અજમાવી શકાય તે માટે ભારત અને યુ.કે.ના નિષ્ણાતો પોતાના મંતવ્યો રજૂ કરશે. ગુજરાત-રાજસ્થાન સ્થિત બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર સ્ટીફન હિકિંગ્સે જણાવ્યું હતું કે આ પ્રકારની કોન્ફરન્સ બંને દેશો વચ્ચે એક મહત્ત્વનો સેતુ બનશે. જે ગુનાની તપાસમાં રહેલાં મહત્ત્વના મુદ્દાઓ સૂચવવામાં ઉપયોગી સિદ્ધ થશે. કોન્ફરન્સના પ્રથમ દિવસે ડો. એસ.એસ. આયંગર, પ્રતિષ્ઠિત પ્રોફેસર-એફઆઈયુ, યુએસએ અને એમેરિટસ પ્રોફેસર્સ, એનએફએસયુ-ભારત ડો. ગૌરવ ગુપ્તા, વૈજ્ઞાનિક 'E', ભારત સરકાર; કેરોલીન લવેલ – FCN-UK; એચ.પી. સંઘવી, અધિક નિયામક, DFS-ગુજરાત; ડો. સતીશ કુમાર, ડીન, SFS, NFSU સહિત તજજ્ઞોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન પ્રો. (ડો.) નવીન કુમાર ચૌધરી, ડીન-SCSDF, NFSU, ડો. દિગ્વિજયસિંહ રાઠોડ, હેડ, સેન્ટર ઓફ એક્સેલન્સ સાયબર સિક્યોરિટી સહિત વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં વિશ્વભરમાંથી ૧૨૦થી વધુ તજજ્ઞો ભાગ લઈ રહ્યા છે.

# રાજ્યમાં ચાર તબક્કામાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું સૌપ્રથમ વખત આયોજન

**પ્રથમ તબક્કામાં ૧૯મીએ ગ્રામ્ય કક્ષાએ અને ૩૦મીએ રાજ્યકક્ષાએ સ્પર્ધા યોજાશે**

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં સૌપ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માટે હાલમાં રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલી રહી છે અને ચાર તબક્કામાં સ્પર્ધા યોજાશે. સૌપ્રથમ ૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ્ય કક્ષાએ સ્પર્ધા યોજશે. જ્યારે ૩૦ ડિસેમ્બરના રોજ રાજ્યકક્ષાએ સ્પર્ધા યોજવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોગ બોર્ડની રચના કરવામાં આવેલી છે. યોગ બોર્ડનો હેતુ સમગ્ર રાજ્યમાં યોગનો વ્યાપ વધે, લોકો નિરોગી રહે તેમજ દેશના નાગરીકો સ્વસ્થ અને નિરોગી રહે તેને પ્રોત્સાહન આપવાનો છે. આ હેતુથી સમગ્ર રાજ્યમાં યોગનો પ્રચાર- પ્રસાર થાય તે હેતુથી સૌપ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સૂર્ય નમસ્કાર સ્પર્ધા ગ્રામ્ય કક્ષાએથી શરૂ કરીને રાજ્ય કક્ષા સુધી યોજાનાર છે. જે ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અલગ-અલગ થશે. સૂર્ય નમસ્કાર સ્પર્ધા ચાર તબક્કામાં યોજવાનું આયોજન છે. જેમાં સૌપ્રથમ ગ્રામ્ય અને નગરપાલિકા અને મનપા વોર્ડ કક્ષાએ સ્પર્ધા થશે, જેમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન માટે વયમર્યાદા કેટેગરી વાઈઝ નક્કી કરવામાં આવી છે. કેટેગરીની વાત કરીએ તો એક કેટેગરી ૯થી ૧૮ વર્ષ માટે, બીજી કેટેગરી ૧૯થી ૪૦ વર્ષ માટે અને ત્રીજી કેટેગરી ૪૦ વર્ષથી વધુ માટે રહેશે. સ્પર્ધા માટે ૧૫ ડિસેમ્બર સુધી રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરાશે. ત્યારબાદ ગ્રામ્ય તથા વોર્ડ કક્ષાની સ્પર્ધા ૧૯ ડિસેમ્બરે યોજાશે. તાલુકા અને નગરપાલિકા કક્ષાએ ૨૩ ડિસેમ્બરે જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ૨૬ ડિસેમ્બરના રોજ તથા રાજ્યકક્ષાએ ૩૦ ડિસેમ્બરના રોજ સ્પર્ધા યોજાશે. દરેક તબક્કામાં ૬ શ્રેષ્ઠ સ્પર્ધકને પસંદ કરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએ ગામની કોઈ પણ શાળામાં સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. જ્યારે નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાનું શહેરની કોઈપણ શાળામાં આયોજન કરાશે. જિલ્લા કક્ષાની સ્પર્ધાનું જિલ્લાની કોઈપણ સ્કૂલમાં અને રાજ્ય કક્ષાની સ્પર્ધાનું અમદાવાદ ખાતે આયોજન કરાશે. સ્પર્ધામાં વિજેતાઓને રૂા.૫૦ લાખથી વધુના ઈનામો અપાશે.

# વિશ્વના પ્રોસેસ્ડ હીરામાં ગુજરાતનો હિસ્સો ૭૨ ટકા ભારતની કુલ હીરાની નિકાસમાં ૮૦ ટકા હિસ્સો છે

ગાંધીનગર, તા.૧૪

જેમ્સ અને જ્વેલરી ક્ષેત્ર ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, જે GDPમાં ૭ ટકા ફાળો આપે છે અને ભારતની કુલ વેપારી નિકાસમાં ૧૫ ટકાનું સંચાલન કરે છે. આ ક્ષેત્રનો વૃદ્ધિદર અન્ય ઘણા ક્ષેત્રોને પાછળ છોડી દે છે. આ ઉદ્યોગ ૪૫ લાખથી વધુ કામદારોને રોજગારી આપે છે, તેની આ ક્ષમતાની ઓળખ કરીને, ભારત સરકારે આ ઉદ્યોગને એક્સપોર્ટ પ્રમોશન માટેના એક પ્રમુખ ક્ષેત્ર તરીકે માન્યતા આપી છે. ભારત જ્વેલરી ઉત્પાદન માટેનું વૈશ્વિક હબ બન્યું છે. દેશ વિશ્વના ૭૫% પોલિશ્ડ હીરાની નિકાસ કરે છે, અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતની કુલ નિકાસ USD 37.73 બિલિયન સુધી પહોંચી છે. UAE સાથે તાજેતરના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)થી નિકાસને વધુ વેગ મળવાની અપેક્ષા છે, જેનું લક્ષ્યાંક USD 52 બિલિયન છે. ભારતના જ્વેલરી લેન્ડસ્કેપમાં ગુજરાત નિર્ણાયક ભૂમિકા ભજવે છે, અને રાજ્ય વિશ્વના પ્રોસેસ્ડ હીરાનો ૭૨% હિસ્સો ધરાવે છે. ગુજરાતમાં ૪૫૦થી વધુ સંગઠિત જ્વેલરી ઉત્પાદકો, આયાતકારો અને નિકાસકારો છે. ગુજરાતના સુરત, અમદાવાદ અને રાજકોટ મુખ્ય ક્લસ્ટર તરીકે ઉભરી આવ્યા છે, જેમાં સુરત હીરાના ઉત્પાદનમાં વૈશ્વિક પાવરહાઉસ છે. આજે વિશ્વના ૧૦માંથી ૮ હીરા ગુજરાતમાં પ્રોસેસ થાય છે, અને તે રીતે ભારતની કુલ હીરાની નિકાસમાં રાજ્યનો હિસ્સો ૮૦ ટકા છે. ગુજરાતના અંદાજિત ૯૦ ટકા હીરાનું પ્રોસેસિંગ સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં કરવામાં આવે છે, જે



૯ લાખથી વધુ લોકોને રોજગાર આપે છે. જેને લઈને સુરતને 'સિલ્કી સિટી સ્પાર્કલિંગ વિથ ડાયમંડ' નું બિરૂદ આપવામાં આવ્યું છે. હીરા ઉદ્યોગની વધતી જતી માંગને પહોંચી વળવા, ગુજરાત સરકારે ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઈલ (DREAM) સિટીની સ્થાપના કરી, જેમાં સુરત ડાયમંડ બુર્સ (SDB) પણ આવેલું છે. SDB ભારતનું બીજું હીરા વેપારનું હબ છે, અને કદમાં પેન્ટાગોનથી પણ મોટું છે, જે ૧,૫૦,૦૦૦ લોકોને સીધી રોજગારી આપે છે. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે સુરતની પ્રતિબદ્ધતા ભારતીય ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ (IDI)માં સ્પષ્ટ થાય છે, જે હીરાના પ્રોડક્શન અને મેન્યુફેક્ચરિંગમાં સ્પેશિયલાઈઝેશન કોર્સ ઓફર કરે છે. ગુજરાત સરકાર લેબ-ગ્રોન ડાયમંડ (LGD) ક્ષેત્રને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે. જેમ જેમ કુદરતી હીરાનો વૈશ્વિક પુરવઠો ઘટતો જાય છે, તેમ તેમ માંગમાં વધારો થવાની અપેક્ષા છે, અને લેબ ગ્રોન ડાયમંડ્સ આ ખાડાને પૂરવા માટે સજ્જ છે. રાજ્ય લેબ ગ્રોન ડાયમંડના ક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સપોર્ટ અને કૌશલ્ય વિકાસ સહિતની પહેલોનું નેતૃત્વ કરી રહ્યું છે. ૧૦મી વાયબ્રન્ટ ગુજરાત સમિટના પૂર્વાધરૂપે સરકાર દ્વારા જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર ઉપર એક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય આ સેક્ટર માટે વ્યૂહરચના, વિઝન અને એક્શન પ્લાન, ટેક્નોલોજીની ભૂમિકા અને આ ઉદ્યોગના વિકાસ માટે ગુજરાતના યોગદાન અંગેના નિર્ણાયક પાસાંઓને સમજવાનો છે.

# ગુજરાતમાં બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્તો માટે રૂા.૩૮૩ કરોડની સહાયની કેન્દ્રની જાહેરાત

ગાંધીનગર, તા.૧૪

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે ગુજરાત અને હિમાચલ પ્રદેશ માટે કુદરતી આપદા સામે સહાયની જાહેરાત કરી છે. આજે ગુજરાતને રૂા.૩૩૮.૨૪ કરોડની નાણાકીય સહાય મંજૂર કરાઈ છે. જે ચક્રવાત બિપરજોયથી ગુજરાતને થયેલા નુકસાન સામે આપવામાં આવી છે. ગૃહમંત્રી અમિત શાહે આ અંગે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે, વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર અને રાજ્યએ ચક્રવાત પહેલા અદ્યતન તૈયારીઓ કરી હતી અને કુદરતી આફત દરમ્યાન શૂન્ય જાનહાનિ દર હાંસિલ કર્યો હતો. અત્યંત ભયંકર ચક્રવાત બિપરજોયના પરિણામે, ગૃહ મંત્રાલયે રાજ્ય સરકારના મેમોરેન્ડમની રાહ જોયા વિના, નુકસાનની આકારણી માટે તાત્કાલિક આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમને નિયુક્ત કરી હતી. કેન્દ્ર સરકારે અગાઉ SDRFને રૂા.૫૮૪ કરોડનો તેના હિસ્સાનો પહેલો હપ્તો જાહેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જુલાઈ મહિના દરમ્યાન ચક્રવાત બિપોરજોય આવ્યું હતું. જેના માટે કેન્દ્રએ ૩૩૮.૨૪ કરોડની સહાય જાહેર કરી છે. ત્યારે હવે બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત જિલ્લાઓને તેની સહાય મળશે. ઉલ્લેખનીય છે કે, બિપોરજોય વાવાઝોડાની સામે ગુજરાતમાં કોઈ જાનહાની થઈ નથી. પરંતુ અનેક જિલ્લાઓમાં મોટાપાયે નુકસાની થઈ હતી. જેમાં ખેડૂતોને ઊભા પાક સહિતની મોટી નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો. આ સાથે જ ગૃહમંત્રીએ હિમાચલ પ્રદેશ માટે પણ કુદરતી આપદાઓ સામે ૬૩૩.૭૩ કરોડની સહાય જાહેર કરી છે. ચાલુ વર્ષ દરમ્યાન પૂર, વાદળ ફાટવાની અને ભૂસ્ખલનની ઘટનાઓનો પ્રકોપ હિમાચલ પ્રદેશ ઉપર રહ્યો હતો, જેની ગંભીર અસર હિમાચલ પ્રદેશ ઉપર થઈ છે.

# રાજ્યના કેટલાક ભાગમાં વાદળછાયું વાતાવરણ રહેતા ઠંડીમાં ઘટાડાની શકયતા

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં ઠંડીનું જોર ધીમે ધીમે વધી રહ્યું છે. જ્યાં એક તરફ વિવિધ ભાગોમાં તાપમાન સતત ઘટી રહ્યું છે. જેમાં રાજ્યના અમુક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે. જેની સાથે જ આગામી ૫ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. ક્યાંય પણ વરસાદ નહીં નોંધાય તેવી માહિતી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી રહી છે. આ અંગે રાજ્ય હવામાન વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં હાલ કોઈ પણ વરસાદની આગાહી કરવામાં આવી નથી. તેમજ આગામી દિવસોમાં અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયેલું જોવા મળશે. જેના સાથે જ ૨૪ કલાક બાદ તાપમાન ૨ થી ૩ ડિગ્રી જેટલું વધશે. રાજ્યમાં સતત ૨૪ કલાક બાદ તાપમાન ૨થી ૩ ડિગ્રી જેટલું વધશે તેવી હવામાન વિભાગે માહિતી આપી છે.

# ૭ ઓકટોબરથી ગાઝામાં મૃતકોની સંખ્યા ૧૭,૭૦૦થી વધુ થઈ ગઈ છે

(એજન્સી) તા.૧૪

હમાસ દ્વારા સંચાલિત આરોગ્ય મંત્રાલય મુજબ ૭ ઓકટોબરથી ઈઝરાયેલ તરફથી જારી બોમ્બમારાના કારણે ગાઝા પટ્ટીમાં મૃતકોની સંખ્યા ૧૭,૭૦૦ થઈ ગઈ છે અને મૃતકોમાં ૭૧૦૦થી વધુ બાળકો છે. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા અશરફ અલ-કુદ્રાએ જણાવ્યું કે, ઘાયલોની સંખ્યા વધીને ૪૮,૭૮૦ થઈ ગઈ છે. જ્યારે અનેક પીડિત કાટમાળ નીચે અને રસ્તાઓ ઉપર છે. અલ-કુદ્રાએ ગાઝામાં ઈઝરાયેલી અપરાધો અને નરસંહારની ટીકા કરતા જણાવ્યું કે, અમેરિકન અને યુરોપીય સમર્થનની સાથે પેલેસ્ટીની હાજરીને સમાપ્ત કરવી અમાનવીય વર્ણન અને કારણથી અલગ છે. તેમણે જણાવ્યું કે, દક્ષિણી ગાઝા પટ્ટીની હોસ્પિટલોએ પોતાના સંશાધનોને સમાપ્ત કરી દીધા છે. મોટી સંખ્યામાં ઘાયલો અને ડઝનો લોકોના જીવ ગુમાવવાથી ઉકેલ માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેમણે ગાઝા પટ્ટીની તમામ હોસ્પિટલોમાં મોટા પ્રમાણમાં આરોગ્ય સહાયતા અને ઈંધણના પ્રવેશ અને પહોંચ માટે એક સુરક્ષિત માનવીય ગલિયારા પ્રદાન કરવાનું આહ્‌વાન કર્યુ. અલ-કુદ્રાએ અલ-શિફા મેડિકલ કોમ્પ્લેક્સ માટે આરોગ્ય જરૂરિયાતો અને ઈંધણ આપવા માટે તાત્કાલિક કાર્યવાહીનો આગ્રહ કર્યો. જે ઉત્તરી ગાઝામાં ઘાયલો અને બીમારી માટે એકમાત્ર આશા છે. ૭ ઓકટોબરે હમાસ આતંકવાદી સમૂહ દ્વારા સીમા પાર હુમલા પછી ઈઝરાયેલી દળોએ ગાઝામાં વ્યાપક આક્રમણ શરૂ કર્યું.

# ઢોર નિયંત્રણ નીતિની અમલવારી કરો પરંતુ નીતિના અભાવે નિર્દોષ ગાયો-પશુધનના મૃત્યુ થવા ના જોઈએ : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૪

રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તાઓ, ટ્રાફિકની સમસ્યા સહિતના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણીમાં હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સત્તાવાળાઓને જણાવ્યું હતું કે, તમે ઢોર નિયંત્રણ નીતિની ચોક્કસપણે અમલવારી કરો પરંતુ નીતિના અભાવે નિર્દોષ ગાયો- પશુધનના મૃત્યુ થવા ના જોઈએ. જો આ પ્રકારે નિર્દોષ ગાયો કે પશુધનના મૃત્યુ થાય તો ભગવાન પણ આપણને માફ નહી કરે. હાઈકોર્ટે આ સમગ્ર મામલે રાજ્ય સરકાર, નડિયાદ કલેકટર અને પોલીસ વડા સહિતના સંબંધિત સત્તાવાળાઓ પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. આ કેસની સુનાવણી દરમ્યાન અમદાવાદ, નડિયાદ સહિતના સ્થળોએ નિર્દોષ ગાયો અને પશુધનના નીપજેલા મોત અને તેના આડેધડ કરાયેલા નિકાલ અંગેના ફોટોગ્રાફ્સ અને સોગંદનામાં સાથે અદાલતનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. જે જોઈ ખુદ જસ્ટિસ એ.જે.શાસ્ત્રી અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. આજે રાજ્ય સરકાર, અમ્યુકો, ટ્રાફિક ડીસીપી સહિતના સત્તાવાળાઓ તરફથી સોગંદનામા રજૂ કરી હાઈકોર્ટના હુકમની ચુસ્ત અને કડકાઈથી અમલવારી તેમ જ ઢોર નિયંત્રણની નવી નીતિના કડકાઈથી અમલવારીની વિગતો- માહિતી અદાલતના રેકોર્ડ ઉપર રજૂ કરી હતી. સરકાર તરફથી જણાવાયું કે, તેમણે સંબંધિત તમામ વિભાગો સાથે બેઠકો યોજી ઢોર નિયંત્રણ નીતિ અને હાઈકોર્ટના આદેશોના કડકાઈથી અમલવારીની સૂચનાઓ આપી દીધી છે. સ્થાનિક કક્ષાએ પણ તેનું કડકાઈથી પાલન થાય તેવા નિર્દેશો જારી કરાયા છે. કેસની સુનાવણી દરમ્યાન અરજદારપક્ષ તરફથી ફરી એકવાર હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, આ કન્ટેમ્પ્ટ પિટિશનનો કેસ છે અને તેમાં જે પ્રતિવાદી હોય તેમણે જ જાતે સોગંદનામું રજૂ કરવુ પડે. પ્રસ્તુત કેસમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા પર્સનલી સોંગદનામું કરવુ પડે પરંતુ તેઓ કરતાં નથી, જે ખોટું છે. મ્યુનિસિપલ કમિશનરના બદલે અન્ય તાબાના અધિકારીઓ મારફતે સોંગદનામું રજૂ થાય છે, જે ચાલે નહીં. હાઈકોર્ટે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. જેથી હાઈકોર્ટે મ્યુનિસિપલ કમિશનરને આ કેસમાં જયારે પણ સોગંદનામું રજૂ કરે ત્યારે પર્સનલી જાતે જ સોગંદનામું રજૂ કરવા તાકીદ કરી હતી. હાઈકોર્ટે ઢોરવાડાઓમાં કેટલા પશુ રાખવાની ક્ષમતા છે, તેઓને રાખવાની કયા પ્રકારની સુવિધા છે, તેઓની કાળજી અને પૂરતી તકેદારી લેવાય છે કેમ તે સહિતની ઝીણામાં ઝીણી બાબતો સાથેનો રિપોર્ટ રજૂ કરવા સત્તાવાળાઓને હુકમ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, નીતિની અમલવારી થકી માનવજીવનની સુરક્ષાની સાથે સાથે નિર્દોષ ગાયો અને પશુધનની સુરક્ષા અને સલામતી પણ એટલી જ જરૂરી છે. ઢોર નિયંત્રણ નીતિના ઓઠા હેઠળર કોઈ નિર્દોષ પશુધન મરે તે ચાલે નહી. રખડતા ઢોરોના ત્રાસની સમસ્યાના નિવારણ માટે તમે નવી નીતિનો ચુસ્તપણે અને કડકાઈથી ભલે અમલ કરો પરંતુ સાથે સાથે નિર્દોષ ગાયો અને પશુધનની યોગ્ય રીતે કાળજી રાખો. કન્ટેમ્પ્ટ પિટિશનમાં સોંગદનામું અને ફોટોગ્રાફ્સ રજૂ કરી અદાલતનું નડિયાદના ઢોરવાડામાં ગાયો-પશુધનના મોત અને તેના આડેધડ નિકાલ બાબતે ધ્યાન દોરાયું હતું, જે જોતાંની સાથે જ હાઈકોર્ટે બહુ વિચલિત કરનારૂં અને આઘાતજનક છે એવી આઘાત સાથેની લાગણી વ્યકત કરી હતી. આ જ પ્રકારે અમદાવાદના ઢોરવાડાઓમાં આ પ્રકારની ઘટનાઓને લઈ અદાલતનું ધ્યાન દોરાયું હતું, તે અંગેના ફોટા પણ કોર્ટના રેકર્ડ ઉપર રજૂ થયા હતા. હાઈકોર્ટે આ સમગ્ર મામલાને બહુ જ ગંભીર ગણાવ્યો હતો અને તેનું તાત્કાલિક હીયરીંગ કરવાનું



જણાવ્યું હતું અને તેમાં લાંબી મુદત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આગામી સમયમાં રાખી છે અને ત્યાં સુધીમાં રાજય સરકાર, નડિયાદ કલેકટર, સ્થાનિક પોલીસ વડા સહિતના સત્તાવાળાઓ પાસેથી નિર્દોષ પશુધનના મોત અને તેના આડેધડ નિકાલને લઈ ઢોરવાડામાં ગાયો-પશુધનની સ્થિતિ અને તેની જાળવણી સહિતની તમામ બાબતોનો વિગતવાર અહેવાલ માંગ્યો છે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત વિવિધ ક્ષેત્રે એક જ દિવસમાં રૂા.૧ લાખ કરોડના સંભવિત રોકાણ સાથે ૨૩ MoU સંપન્ન, ૭૦ હજાર રોજગાર સર્જન અપેક્ષિત

**પોર્ટ અને પોર્ટ સંબંધિત, પાવર, એન્જિનિયરિંગ ઓટો ઈન્ડસ્ટ્રીઝ, મિનરલ આધારિત પ્રોજેક્ટ્સ, ઔદ્યોગિક પાર્ક, ટેક્ષટાઈલ્સ અને એપરલ, શિક્ષણ તેમજ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના ઉદ્યોગો માટેના MoU**





(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૪

આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પ્રારંભ પૂર્વે ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ ઉદ્યોગ જુથો સાથે ગાંધીનગરમાં વધુ ૨૩ MoU કરવામાં આવ્યા છે. વિવિધ ઉદ્યોગ રોકાણકારોએ રાજ્ય સરકાર સાથે એક જ દિવસમાં રૂા.૧ લાખ કરોડના સંભવિત રોકાણ કર્યા છે, તેની સાથે જ આ રોકાણથી ૭૦ હજાર રોજગાર સર્જન થવાની સંભાવના છે.

રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ વિવિધ ઉદ્યોગો સાથે MoU કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં યોજાઈ ગયેલી એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૩ શ્રુંખલાઓમાં ૭૭ MoU સાથે રૂા. ૩૫ હજાર કરોડના સંભવિત રોકાણો થયા છે. તે ઉપરાંત એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૪મી શ્રુંખલામાં ૨૩ MoU સાથે રૂ. ૧ લાખ કરોડના સંભવિત રોકાણ થયા છે. એટલે કે આજ દિન સુધી ૧૦૦ MoU સાથે રૂા. ૧.૩૫ લાખ કરોડથી વધુના સંભવિત રોકાણો થયા છે.

એમઓયુ અંતર્ગત પોર્ટ અને પોર્ટ સંબંધિત ક્ષેત્રમાં રૂ.૨૭,૨૭૧ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧૦,૧૦૦ રોજગારનું સર્જન થશે. તે ઉપરાંત પાવર ક્ષેત્રમાં રૂ.૪૫,૬૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૫,૫૦૦ રોજગારનું સર્જન, મિનરલ આધારિત પ્રોજેક્ટ્સ ક્ષેત્રમાં રૂ.૪,૦૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૨,૦૦૦ રોજગારનું સર્જન, એન્જિનિયરિંગ ઓટો અને અન્ય ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રમાં રૂ.૧૩,૦૭૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૮,૧૫૦ રોજગારનું સર્જન, ઔધોગિક પાર્ક, ટેક્ષટાઈલ્સ અને એપરલ તથા કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં રૂ.૪,૪૬૯ કરોડના અંદાજિત રોકાણ સાથે ૩૪,૬૫૦ રોજગારનું સર્જન, શિક્ષણ ક્ષેત્રમાં રૂ.૩૧૦૦ કરોડથી વધુના અંદાજિત રોકાણ સાથે ૮,૨૦૦ રોજગારનું સર્જન તેમજ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂ.૩૫૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧૨૯૦ રોજગારનું સર્જન થશે.

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ અને ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં થયેલા આ એમ.ઓ.યુ. અંતર્ગત ઉદ્યોગો પોતાના એકમો સંભવતઃ ૨૦૨૫ થી ૨૦૩૦ વચ્ચે શરૂ કરશે. અમરેલી, વલસાડ, હજીરા, દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, સલાયા, મોરબી, જામનગર, ધોળકા, રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરા, અમદાવાદ, મહેસાણા સહિતના વિવિધ જિલ્લાઓના વિસ્તારોમાં આ ઉદ્યોગો શરૂ થવાના છે.

એમ.ઓ.યુ. હસ્તાક્ષર પ્રસંગે રાજયના મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદર, એમ.કે.દાસ તેમજ વરિષ્ઠ સચિવો તથા ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં રાજપુત કરણી સેના દ્વારા સુખદેવસિંહ ગોગામેડીની નિર્મમ હત્યાને લઈને આવેદન પત્ર અપાયું





(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૪

ઉનામા રાજપુત કરણી સેના દ્વારા રાજપૂત સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવી આક્રોશ વ્યકત કર્યો છે તેમાં જણાવ્યા મુજબ રાજપુત સમાજના આગેવાન સુખદેવસિંહ ગોગામેડી નિર્ભય હત્યાને કારણે સમગ્ર રાજસ્થાનમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે તા ૫,૧૨,૨૦૨૩ રાજસ્થાનના જયપુર દિનદ હાડે તેમના ઘરમાં હત્યા કરવામાં આવી અંધાધુન ફાયરિંગ કરી હત્યાનો અંજામ આપ્યો હતો.

સુખદેવસિંહજી ગોગામેડી દેશમાં સનાતન હિન્દુ સમાજ તથા રાજપૂત સમાજના પ્રશ્નોને હર હંમેશ વાચા આપતા રહ્યા છે અને આંદોલનો કરતા આવ્યા છે જેને કારણી સેના સમગ્ર ભારત દેશ ના રાજપૂત સમાજમાં તેમનું સ્થાન આદર ભર્યું છે સ્વભાવિક છે.


કોઈપણ સમાજના આદરણીય નેતાની નિર્મમ હત્યા થાય તો સમાજના યુવાનો માં રોષ પર્વતે જે વાતને લઈને ગુજરાતમાં પણ રાજપૂત સમાજના યુવાનોમાં વ્યાપક રીતે રોષનું વાતાવરણ પર્વતે છે ગુજરાત સરકાર રાજસ્થાન સરકારને અને પ્રશાસનને દરમિયાનગીરી કરીને ગુજરાતના સમગ્ર રાજપૂત સમાજ ની લાગણીને વાચા આપવા માટે સ્વ. સુખદેવસિંહજી ગોગામેડીના હત્યારાઓને સત્વરે ઝડપે અને સુખદેવસિંહજી ગોગામેડીના અંગ રક્ષક રાજપૂત સમાજના સ્વ.અજીતસિંહનું પણ દુઃખદ અવસાન થયેલ છે તે હત્યારાઓની પાછળ આ હત્યાનું ષડયંત્ર રચનાર વ્યક્તિઓ ના નામ બહાર લાવે અને તેમની પણ તેમની ધડપકડ કરે હત્યામાં સામેલ તમામ આરોપીઓ ને ફાસ્ટેટ્રેક કોર્ટમાં ફાંસી ની સજા થાય એવી ગુજરાતના રાજપૂત સમાજની માંગણી અને માંગણી છે જેમાં સમાજનાઆગેવાનો શૈલેશસિહ રાજપૂત નરેન્દ્રસિંહ જાદવ મનહરસિહ રાઠોડ શકિતસિંહ ગોહિલ શક્તિસિંહ ગોહિલ આવેદનપત્રમાં જોડાયા હતા અને આવેદનપત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે.

# વેરાવળમાંથી સોની વેપારીની નજર ચુકવી સોનાના દાગીના ચોરતી પરપ્રાંતીય ગેંગ ઝડપાઈ









## કાર, બાઈક તથા ચોરી કરેલા બુટી, દાણા, સાંકળા સહિત ૧૧ લાખનાં મુદ્દામાલ સાથે ચાર મહિલા અને ત્રણ પુરૂષની ટોળકીને એલસીબીએ ઝડપી લીધી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળમાંથી સોની વેપારીની નજર ચુકવી સોનાના દાણાની ચોરી કરનાર ચાર મહિલાઓ અને ત્રણ પુરૂષોની ટોળકીને એલસીબીએ રૂ.૧૧.૬૪ લાખના ચોરી કરેલ દાગીના અને વાહનો સાથે ઝડપી પાડી છે. હાલ આ ટોળકીએ અન્ય ક્યાંય ચોરી કરી છે કે કેમ તે જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે માહિતી આપતા એલસીબી પીઆઈ એસ.એમ. ઈશરાણીએ જણાવેલ કે, બે દિવસ પહેલા વેરાવળમાં શ્રીપાલ હવેલી ચોક પાસે આવેલ ભરતભાઈ પટ્ટ ની "વિર જવેલર્સ" નામની દુકાનમાં ચાર અજાણી મહીલાઓ સોના-ચાંદીના દાગીના લેવાના બહાને આવી હતી. ત્યારે દાગીના જોવામાં સોની વેપારીની નજર ચુકવી દુકાનમાંથી સોના-ચાંદીના ૩૮ જેટલા દાણાઓની ચોરી કરી નાસી ગઈ હતી. જે અંગે થોડા સમય બાદ ખબર પડતા વેપારીએ પોલીસમાં ઉપરોકત વિગતો સાથે ફરીયાદ નોંધાવી હતી. જેના આધારે એલસીબીના નટુભા બસીયા, રામદેવસિંહ, નરેન્દ્ર પટાટ, નરેન્દ્ર કછોટ, ભુપેન્દ્રસિંહ ચાવડા સહિતના સ્ટાફે સોનીની દુકાન સહિતના નેત્રમ સીસીટીવી ફુટેજો ખાંગળતા મહિલાઓ વિશે મહત્વની જાણકારી મળી હતી. જેને લઈ હ્યુમન સર્વેલન્સ થકી મળેલ માહિતીના આધારે વેરાવળમાંથી જ ચોરીને અંજામ આપનાર (૧) પાંગળીબેન કરમાભાઈ ડામોર ઉ.વ.૬૦, (૨) સુરીકાબેન રાકેશભાઈ મકોડીયા ઉ.વ.૨૩, (૩) કાજલબેન અજયભાઈ મકોડીયા ઉ.વ.૨૦, (૪) અનિતા વિપુલ ડામોર ઉ.વ.૨૧, (૫) કવશિંગ કરમાભાઈ ડામોર ઉ.વ.૨૫, (૬) મુકેશ બીજયાભાઈ માવી ઉ.વ.૨૪, (૭) અજય જોરસીંગ મકોડીયા ઉ.વ.૨૨ તમામ રહે.દાહોદ અને મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાનાને ઝડપી પાડેલ હતા.

આ ટોળકીની આગવીઢબે પુછપરછ કરતા તેઓ સંબંધી થતા હોય અત્રે સોમનાથ ફરવા આવેલ હતા. અહીં ખરીદી કરવાના બહાને બજારમાં જઈ સોની વેપારીને નિશાન બનાવી સોના-ચાંદીના દાણા ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આ ટોળકી પાસેથી સોનાની બુટી, દાણા, ચાંદીના સાંકળા, ક્રેટા કાર તથા બે બાઈકો મળી કુલ રૂ.૧૧.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. આ ટોળકીએ અન્ય કોઈ સ્થળોએ ચોરી કરી છે કે કેમ તે જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું એલસીબી પીઆઈ એસ.એમ.ઈશરાણીએ જણાવેલ હતુ.

# અંબાજી ખાતે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું ૫૨ મું અધિવેશન આવતીકાલથી યોજાશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું ૫૨ મું શૈક્ષણિક તથા વહીવટી અધિવેશન આગામી શુક્રવાર તારીખ ૧૫ થી રવિવાર તારીખ ૧૭ ડિસેમ્બર સુધી અંબાજીના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવ્યું છે.

ગુજરાતના શિક્ષણને સર્વોત્તમ શિખરે પહોંચાડવા તથા નવી શિક્ષણ નીતિના અસરકારક અમલ માટે ચિંતન, મનન અને માર્ગદર્શન આપવાના હેતુથી યોજવામાં આવેલા આ અધિવેશનમાં ઉદઘાટન સત્રના અધ્યક્ષ તરીકે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, પ્રફુલભાઈ પાનસેરીયા, પૂર્વ શિક્ષણ મંત્રી કિર્તીસિંહ વાઘેલા તથા સંત શ્રી આત્માનંદજી સરસ્વતી ખાસ ઉપસ્થિત રહેશે.

બીજા સત્રમાં જીએમડીસીના નિયામક દિનેશભાઈ પટેલ તથા અમદાવાદના નાયબ ટ્રાફિક પોલીસ કમિશનર તથા સફિન હસન, રાજુભાઈ ગાલા અને બાબુભાઈ પટેલ સાથે જોડાશે.

આ ઉપરાંત રાત્રે બેઠકમાં લોક ડાયરો, રાસ ગરબા, ફિટ ઈન્ડિયા સહિતના કાર્યક્રમો તેમજ તૃતીય બેઠક ધારાસભ્ય કમલેશભાઈ પટેલ અને ધવલસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં યોજાશે. રવિવાર તારીખ ૧૭ ના રોજ રાજ્ય પ્રમુખ જયપ્રકાશ પી. પટેલના અધ્યક્ષ સ્થાને ખુલ્લુ અધિવેશન યોજાશે. જેમાં વિવિધ બાબતે મુક્ત ચર્ચાઓ કરવામાં આવશે.

આ અધિવેશનના કાર્યક્રમોમાં શાળાના સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કરભાઈ પટેલ, શંકરસિંહ રાણા, ડો. પ્રિયવદન કોરાટ, તેજસ શાહ, નાનુભાઈ રાવલ, પ્રફુલકુમાર ઉદાણી, ભરતભાઈ પટેલ, કિશોરભાઈ ડાંગર, કિરીટસિંહ મહિડા, ડો. એમ.એન. પરમાર, દીપકભાઈ પટેલ, કરિશ્મા સંઘવી વિગેરે ખાસ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજ્ય પ્રમુખ જે.પી. પટેલની આગેવાનીમાં અગ્રણી હોદ્દેદારો ભાનુભાઈ પટેલ, ભરતભાઈ ચૌધરી, હરદેવસિંહ જાડેજા, જેસીંગભાઈ હુંબલ, ભુપેન્દ્રસિંહ ચૌહાણ વિગેરે દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

# પાનેલી અને રાવલ ગામે સરકારી જમીન પચાવી પાડતા ૧૧ શખ્સો સામે ગુનો : કલ્યાણપુરના મામલતદારે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

કલ્યાણપુર તાલુકાના પાનેલી અને રાવલ ગામે કેટલાક શખ્સોએ મળીને સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે કબજો જમાવીને દુકાનો તથા ખેતી કરી, અંગત સ્વાર્થ સાધતા આ અંગે કલ્યાણપુરના મામલતદારએ પાનેલીના ચાર તથા રાવલના ગુનામાં સાત શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા રામશી કરણા ચાવડા નામના ૪૪ વર્ષના આહીર શખ્સએ પાનેલી ગામના સરવે નંબર ૪૯૩ (જુના સરવે નંબર ૭૪) ની ૨૨ વીઘા જેટલી જમીનમાં તથા સરવે નંબર ૪૮૬ (જુના સરવે નંબર ૨૧૧) વાળી સરકારી જમીનમાં દબાણ કર્યું હતું. જ્યારે અન્ય એક આરોપી પાનેલી ગામના કરસન મેરગ ચાવડા (ઉ.વ. ૬૧) એ એકાદ વીઘા જેટલી જમીનમાં બાંધકામ કરી અને મકાન બનાવી, ગેરકાયદેસર રીતે કબજો કર્યો હતો. ત્રીજા આરોપી લખમણ કરસન ચાવડા (ઉ.વ. ૪૦) એ પણ એકાદ વીઘા જગ્યામાં ચણતર કામ કરી લીધું હોવાનું જાહેર થયું છે. પાનેલી ગામના આહીર ખેડૂત વીરા પાલા કરમુર (ઉ.વ. ૫૬) એ સરવે નંબર ૪૮૬ (જુના સરવે નંબર ૨૧૧) વાળી સરકારી જમીન ઉપર નવેક વીઘા જેટલો ગેરકાયદેસર કબજો કરી, અહીં ખેતી કામ કરતો હોવાનું પણ જાહેર થયું છે. આમ, ઉપરોક્ત સરકારી જમીન પર ચારેય શખ્સો દ્વારા આશરે ૩૩ વીઘા જેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરી, ખેતી કામ તથા બાંધકામ કરી અને સરકારી જંત્રી મુજબ આશરે રૂપિયા ૧૫ લાખની જમીન પચાવી પાડવા સબબ કલ્યાણપુરના મામલતદાર બી.એમ. ખાનપરા (મૂળ રહે. ગોંડલ) દ્વારા કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી, આ પ્રકરણમાં એ.એસ.પી. રાઘવ જૈન દ્વારા આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે. અન્ય એક ફરિયાદ કલ્યાણપુરના મામલતદાર ભરતકુમાર મોહનલાલ ખાનપરાએ ખંભાળિયામાં રહેતા રાજુ ડાયાભાઈ મકવાણા (ઉ.વ. ૫૪), કલ્યાણપુરના ટંકારીયા ગામે રહેતા પરબત મેરામણ લગારીયા (ઉ.વ. ૫૦), હમીર રામ લગારીયા (ઉ.વ. ૪૫), ભીખુ કારુ લગારીયા (ઉ.વ. ૨૫), સુર્યાવદર ગામના રામદે ઉર્ફે સંજય ઘેલાભાઈ પાંડાવદરા (ઉ.વ. ૩૦), રાવલ ગામના ધરણાંત કેશુ વારોતરીયા (ઉ.વ. ૫૨) અને કલ્પેશ અશોકભાઈ રાજ્યગુરુ (ઉ.વ. ૩૨) સામે સ્થાનિક પોલીસ મથકમાં નોંધાવી છે. આ ફરિયાદમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ આરોપી રાજુ મકવાણા અને પરબત લગારીયાએ રાવલ ગામે સર્વે નંબર ૧૬૭ (જુના સરવે નંબર ૪૫/૧) વાળી આશરે ૨૫૦ ચોરસ મીટર જેટલી સરકારી જગ્યા પર દુકાનો બનાવી અને પરબત લગારીયાએ હમીર લગારીયા, રામદે પાંડાવદરા, ધરણાંત વારોતરીયા, ભીખુ લગારીયા અને કલ્પેશ રાજ્યગુરુને વેચી મારી હતી.

આમ, સરકારી જંત્રી પ્રમાણે આશરે રૂપિયા ૭,૦૦,૦૦૦ની કિંમત ધરાવતી ઉપરોક્ત સરકારી જમીનને પચાવી પાડવા સબબ કલ્યાણપુર પોલીસે સાતેય શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી એ.એસ.પી. રાઘવ જૈન દ્વારા આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે.


ગુજરાત સરકાર,
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અનેક લ્પસર વિભાગ
ઈ-પ્રોક્યુરમેન્ટ નોટીસનં. બી- ૧/૦૮ ઓફ ૨૦૨૩-૨૪

કામનું નામ:અમીપુર સિંચાઈ યોજના
રીમેનીંગ વર્ક ઓફ કન્સ્ટ્રકશન ઓફ વેસ્ટ વિયર, જંકશન વોલ, અર્થન ડેમ એન્ડ કન્ટ્રોલ રૂમ ઇનકલુડીંગ ડબલ્યુ.બી.એમ. રોડ એટ અમીપુર ઇરીગેશન સ્કિમ ઇન કુતિયાણા તાલુકા એન્ડ પોરબંદર ડીસ્ટ્રીક્ટ. (બીજો પ્રયાસ)

(૧) અંદાજીત રકમ રૂા.- ૭,૦૭,૯૬,૨૨૨.૧૬

ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય
તારીખ- ૨૮/૧૨/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક.

સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રીનું
નામ અને સરનામુ ફોન/ફેક સનંબર.

અધિક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, ૨/૭, જીલ્લા સેવા સદન નં. ૨, રેસકોર્ષ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧
ફોન (૦૨૮૧) ૨૪૪૦૫૩૬ ફેકસ (૦૨૮૧) ૨૪૭૬૨૦૨
કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨/૨, સાંદીપની રોડ, પોરબંદર-૩૬૦૫૭૭
ફોનનં. (૦૨૮૬) ૨૨૨૦૫૦૩

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને
www.tender.nprocure.com પર જોઇ શકાશે.
નોંધઃ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/પોર/૨૪૫/૨૩




# જૂનાગઢ મનપાનું આગામી તા.૧૯ ડિસેમ્બરે મળનાર જનરલ બોર્ડ બનશે તોફાની

## વોકળા પરના દબાણો, લીલી પરિક્રમા દરમ્યાન થયેલ ખર્ચ અને આવક, ગાર્બેજ કલેકશનનું વજન પત્રક તેમજ આડેધડ થતા રોડના કામો સહિતના પ્રશ્ને વિપક્ષ ઉઠાવશે પ્રશ્ન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાનગર પાલિકાના તંત્રવાહકો સામે પ્રાથમિક સુવિધાના પ્રશ્ને લોકોમાં ભારે રોષ પ્રર્વતી રહ્યો છે. ઉપરાંત તાજેતરમાં જુન માસમાં ભારે વરસાદને પગલે સર્જાયેલા જળ તાંડવના કારણે પણ અનેક ફરીયાદો ઉઠવા પામી છે. ગુજરાતના મુખ્યમંત્રી સુધી મનપાના સત્તાધીશોની કથીત કામગીરીની કથા પહોંચી ગઈ છે અને જૂનાગઢની મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીએ વોકળા ઉપરના દબાણો દુર કરવા સુચનાઓ આપી હોવા છતાં નથી વોકળા ઉપરના દબાણો દુર થયા કે નથી સારા રસ્તા બન્યા. આ ઉપરાંત પણ જન હિતના અનેક પ્રશ્નો અણઉકેલ રહ્યા છે. જૂનાગઢ મનપાને એ પણ ખબર નથી કે આ શહેરમાં ગેરકાયદેસર દબાણો કેટલા છે અને કોણે કોણે કર્યા છે ? અથવા તો જાણતા હોવા છતાં ઢાકપીછોડો કરવામાં આવી રહ્યો છે. આવા સંજોગો વચ્ચે આગામી તા.૧૯ ડિસેમ્બરે મહાનગરપાલિકાના જનરલ બોર્ડની મહત્વની બેઠક મળી રહી છે ત્યારે આ જનરલ બોર્ડમાં બઘડાટી બોલે તેવા નિર્દેશો મળી રહ્યા છે. આગામી ૧૯ ડિસેમ્બર- મંગળવારે જૂનાગઢ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ મળનાર છે. આ બોર્ડ તોફાની બની રહેવાના એંધાણ છે. કારણ કે,વોકળા પરના દબાણો, લીલી પરિક્રમામાં થયેલ ખર્ચ, આવક, ગાર્બેજ કલેકશનનું વજન પત્રક, ગેસ, પાણીની લાઈન નંખાયા વિના આડેધડ રીતે થતા રોડના કામો સહિતના પ્રશ્ને વિપક્ષ બોર્ડમાં બઘડાટી બોલાવશે. આ અંગે લલીતભાઈ પણસારાએ જણાવ્યું છે કે,૧૯ ડિસેમ્બરે જનરલ બોર્ડ મળશે જેમાં અમે વિવિધ પ્રશ્નોની રજૂઆત કરીશું. ખાસ તો ભૂગર્ભ ગટર, પાણીની લાઈન અને ગેસની લાઈન નાંખ્યા બાદ જ રોડ બનાવવા તેવો કમિશ્નર દ્વારા બાંધકામ શાખા અને વોટર વર્કસ શાખાને પરિપત્ર કરાયો છે. તેમ છતાં ચૂંટણી આવતી હોય આડેધડ રોડ બનાવાઈ રહ્યા છે, જેને બાદમાં તોડવા પડે છે. ખલીલપુર રોડ પર હનુમાન પરામાં આ રીતે રોડ બનાવી નંખાયો છે, જયાં પાણીની લાઈન અને ભૂગર્ભ ગટરના કનેકશનની કામગીરી બાકી છે.ત્યારે આ રીતે થતા કામથી પ્રજાના નાણાંનો વ્યય થાય છે. માટે શા માટે આ રીતે બેદરકારીથી કામ કરાય છે? જ્યારે લીલી પરિક્રમા દરમ્યાન મનપાએ કરેલ ખર્ચની વિગતો, ૨૩ થી ૩૧ નવેમ્બર સુધી લીલી પરિક્રમાને લઈ કરાયેલ ગાર્બેજ કલેકશનના વજન પત્રકો અને પ્લોટ હરરાજીથી થયેલ આવકની વિગતો મંગાશે. જ્યારે મંજુલાબેન પણસારા દ્વારા પણ પ્રશ્નો રજૂ કરાશે જેમાં વોકળા દબાણો મામલે અપાયેલ ૯૯ નોટિસો બાદ મનપા અને ડીઆઈએલઆર દ્વારા થયેલી કામગીરી, ૯૯ બાદ વધુ કેટલાને દબાણની નોટિસ આપી તેની વિગતો તેમજ મનપામાં મંજૂર થયેલા સેટઅપ મુજબ કેટલી જગ્યા ખાલી, આ જગ્યા માટે ભરતી પ્રક્રિયા ક્યા સ્ટેજે છે, હાલ કેટલા કર્મચારીઓ, કઈ જગ્યાએ, કઈ શાખામાં, કાયમી, ફિક્સ કે આઉટ સોર્સિંગથી ફરજ બજાવે છે અને એપ્રેન્ટીસથી ફરજ બજાવતા કર્મચારીઓના નામ, પોસ્ટ, ફરજ વગેરેની વિગતો પણ બોર્ડમાં મંગાશે. આમ, વિવિધ પ્રશ્ને શાસકોને બરોબરના ઘેરવામાં આવશે.

# જૂનાગઢમાંથી પકડાયેલા નકલી ડીવાયએસપીના ૭ બેંક ખાતા ફ્રીઝ કરાયા : તપાસનો ધમધમાટ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢમાંથી ઝડપાયેલ નકલી ડીવાયએસપી વિનીત બંસીલાલ દવેને પોલીસે ૧૮ ડિસેમ્બર સુધી રિમાન્ડ ઉપર મેળવીને તપાસ અને પૂછપરછનો ધમધમાટ શરૂ કર્યો છે. જૂનાગઢ ફેમિલી કોર્ટમાં ડ્રાઈવરની નોકરી કરતા વિનીત દવેને શહેરમાંથી ક્રાઈમ બ્રાન્ચે ડીવાયએસપીના નકલી આઈ કાર્ડ સાથે પકડી પાડયો હતો. તેમજ તેની પાસેથી ફેમિલી કોર્ટ જૂનાગઢનો આઈકાર્ડ, પ્રિન્સપલ સિવિલ જજ જૂનાગઢના નામનું આઈ કાર્ડ વગેરે મળી આવતા તેના વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. એ ડિવિઝનના તપાસનીશ પીઆઈ વી. જે. સાવજે આ ઈસમને કોર્ટમાં રજુ કરી ૧૮ ડિસેમ્બર સોમવાર સુધી રિમાન્ડ પર મેળવીને તપાસ હાથ ધરતા આ શખ્સના બેંક ખાતા મળી આવતા તાત્કાલિક અસરથી ૭ બેંક ખાતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. પીઆઈ વત્સલ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં વિનિત દવેએ નોકરી આપવવાના બહાને સૌરાષ્ટ્રના ૧૭ લોકો પાસેથી રૂપિયા ૨.૧૧ કરોડ પડાવ્યા હોવાનું ખુલ્યું છે. જેથી આ ઈસમની છેતરપિંડી, વિશ્વાસઘાતનો વધુ કોઈ વ્યક્તિ ભોગ બની છે કે કેમ ?, આ સમગ્ર કાંડમાં આરોપીને કોઈએ મદદગારી કરી છે કે કેમ? તેમજ આરોપી પાસેથી મળેલા બનાવટી આઈ કાર્ડ અંગે ઉપરાંત અન્ય મુદે પણ તપાસ અને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢની હોર્સ રાઈડીંગ સ્કૂલ શરૂ કરાઈ : જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા હસ્તે થયેલો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢની માઉન્ટેડ શાખાના પોલીસ તાલીમ હોર્સ સંકુલને રેન્જ આઈજી દ્વારા ખુલ્લું મુકવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૦થી એટલે કે કોરોના કાળથી બંધ રાખેલી પોલીસ અશ્વ તાલીમ શાળાને લોકો માટે ખુલ્લી મુકવામાં આવી છે. જેનું જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરીજનો માટે ત્રણ મહિના માટેનો બેઝિક કોર્ષ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે આ શાળા બંધ થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં ૩૦૦ જેટલી અરજીઓ હાલ પેન્ડીંગ રહેવા પામી છે. જૂનાગઢ, હોર્સ રાઈડીંગ સંકુલમાં સરકારી કર્મચારી અને વિદ્યાર્થીઓ માટે ત્રણ મહિનાના બેઝીક કોર્ષની રૂા.૩૦૦૦ ફી રાખવામાં આવી છે. જયારે સામાન્ય લોકો માટે ત્રણ મહિનાના બેઝીક કોર્ષ માટે રૂા.૬૦૦૦ ફી રહેશે. આ તાલીમ વહેલી સવારના ૬ઃ૩૦ કલાકથી શરૂ થશે અને બે શિફટમાં કુલ બે બેચને તાલીમ આપવામાં આવનાર છે. પોલીસ હોર્સ તાલીમ શાળામાં તાલીમ માટેના કુલ ૨૨ જેટલા હોર્સ તેમજ એક વછેરો મળી કુલ ૨૩ અશ્વ આવેલા છે. જેમાં ૩ અશ્વનું સ્વાસ્થ્ય સારૂ ન હોવાને લીધે તેને કંડમ કરવામાં આવનાર છે જેથી ૧૯ અશ્વ મારફતે તાલીમાર્થીઓ તાલીમ આપવામાં આવશે.

# જૂનાગઢ : તનીષ્કા વેકેશન કલબ સુરતના સ્ટાફ દ્વારા ટુર પેકેજની જાહેરાતો આપી રૂા.૧.૨૦ લાખની છેતરપિંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

તનીષ્કા વેકેશન કલબ સુરતના સ્ટાફ દ્વારા ટુર પેકેજની જાહેરાતો આપી અને રૂા.૧.૨૦ લાખની છેતરપિંડી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના ઝાંઝરડા રોડ, જીવન જયોત સોસાયટી, બ્લોક નં-બી ૮, સરદારબાગ પાસે રહેતા હાસીમભાઈ આમદભાઈ સીડા(ઉ.વ.૪૨)એ તનીષ્કા વેકેશન કલબ સુરત તથા તપાસમાં જે ખુલ્લે તેના વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીને તનીષ્કા વેકેશન કલબના સ્ટાફ દ્વારા ટુર પેકેજની અલગ-અલગ લોભામણી જાહેરાતો આપી વિશ્વાસમાં લઈ હોટલ બુકિંગ થઈ જશે તેમ જણાવી અને ફરિયાદીને રૂા.૧.૨૦ લાખનું પેકેજ લેવડાવેલ પરંતુ ટિકીટના બુકિંગ માટે અવાર-નવાર કંપનીના માણસોને ફોન કરતા કોઈ જવાબ ન આપી તેમજ કંપનીની કોઈ સર્વિસ કે હોટલ બુકિંગ નહી કરી આપી ફરિયાદી સાથે વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે કલમ ૪૦૬, ૪૨૦ અંતર્ગત આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવ ૧૯-૧-૨૦૨૩ કલાક ૧૨થી કલાક ૧૪ દરમ્યાન લોટસ પેટલ હોટલ જૂનાગઢ-રાજકોટ હાઈવે નજીક બનવા પામ્યો હોવાનું ફરીયાદમાં દર્શાવેલ છે અને ગઈકાલે તા.૧૩-૧૨-૨૦૨૩ કલાક ૧૯ઃ૨૦ કલાકે ફરીયાદ દાખલ થઈ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એન. ક્ષત્રીય વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જોષીપુરાના વેપારી સારવાર માટે ગયા અને ફળિયામાંથી બાઈક ચોરાઈ ગયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢમાં વાહન ચોરીના બનાવવામાં વધુ ૧નો ઉમેરો થયો છે. વેપારી સારવાર કરાવવા ગયા હતા અને પાછળથી તેના મકાનના ફળિયામાંથી બાઈક ચોરાઈ ગયું હોવાનું સામે આવ્યું છે. જોષીપરાની ગોમતી નંદન સોસાયટીમાં રહેતા વેપારી હસમુખભાઈ વલ્લભભાઈ સાકરીયા સારવાર છે ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા. અત્યારે ૨૬ જૂનના રોજ બપોરના ૧૨ વાગ્યાની આસપાસ તેમના મકાનના ફળિયામાંથી રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતનું જીજે-૧૧-સીએમ-૨૦૩ નંબરનું બાઈક ચોરાઈ ગયું હોવાની ફરિયાદ સારવારમાંથી આવ્યા બાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

# માંગરોળ : ફોટા કેમ વાઈરલ કર્યા કહી, યુવાનને માર મારી ન્યૂડ વીડિયો ઉતારી ધમકી આપી : ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

માંગરોળ પંથકમાં બનેલા એક બનાવમાં ફોટા કેમ વાઈરલ કર્યા તેમ કહી ૪ ઈસમોએ યુવાનને લાકડીથી માર મારી બાદમાં તેનો ન્યૂડ વીડિયો ઉતારી ધમકી આપી હતી. આ બનાવમાં યુવકને ઈજા થતાં સારવાર માટે જૂનાગઢ ખસેડાયો હતો. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર માંગરોળ બંદરના બઈ વિસ્તારમાં રહેતો જતીન મેઘજીભાઈ ગોહેલ (ઉ.વ.૨૬) મંગળવારે બપોરના અરસામાં માંગરોળ બજારમાં હતો ત્યારે બંદર ખાતે રહેતો ભાવેશ હીરાભાઈ ગોસિયાનો જતીનને ફોન આવ્યો હતો અને તેણે જણાવેલ કે, મારા કાકાની દીકરીનો ફોટો તે વાયરલ કર્યો છે. કેમ કહેતા યુવાને ના પાડી હતી પરંતુ ભાવે છે તું અહીં માંગરોળ બંદર કાટીના વડલા પાસે દિનેશભાઈના પ્લોટમાં આવ તારો મોબાઈલ ચેક કરવો છે. કેમ કહેતા યુવક ત્યાં ગયો હતો અને ભાવેશ તેમજ પિયુષ શાંતિભાઈ ગોસીયાએ જતીનનો મોબાઈલ ચેક કરી આ ફોટા હતી એ વાયરલ કર્યા છે તેથી યુવાને ફરી ના પાડતા બંને ઈસમો પ્લોટમાં બોટનો સામાન રાખવાની વખતમાં યુવકને લઈ ગયા હતા. જ્યાં ભાવેશ અને પિયુષએ લોખંડના પાઈપ વડે અને માવજી દેવા ગોસીયા અને રવિ હીરા મોતીવરસ નામના શખ્સે લાકડી વડે માર માર્યો હતો અને જતીનને નગ્ન કરી પિયુષએ તેના મોબાઈલમાં નગ્ન વિડિયો ઉતારી અને હવે જો ફોટા વાયરલ કર્યા છે તો આ તારો નગ્ન વિડીયો વાયરલ કરી દેશું અને જાનથી મારી નાખશું એવી ધમકી આપીને તમામ ઈસમો નાસી ગયા હતા. આ હુમલામાં યુવાનને ઈજા થતાં તેને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે માંગરોળ બંદર પોલીસે જતીન ગોહેલની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢમાં ૧૦ બોટલ સાથે યુવાનને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢમાં પોલીસે જોષીપરાના એક યુવાનને નશાબંધી ઓફિસની બાજુમાંથી ૧૦ બોટલ દારૂ સાથે પકડી પાડ્યો હતો. આ બનાવ અંગેની મળતી વિગત અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે શહેરમાં ઉપરકોટ પાસે નશાબંધી ઓફિસની બાજુમાં એક પાનની દુકાન પાસે જોષીપરાનો સાગર અમૃતભાઈ જોગીયા (ઉ.વ.૨૬) ભારતીય બનાવટના વિદેશી દારૂ જથ્થો રાખીને તેનું વેચાણ કરતો હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચનાં સ્ટાફે દોડી જઈને આ ઈસમને રૂપિયા ૧૦૦૦ની કિંમતના ૨૦૦ એમએલ દારૂની ૧૦ બોટલ સાથે ઝડપી લઈ તેની પાસેથી દારૂ અને રૂપિયા ૫,૦૦૦નો મોબાઈલ ફોન કબજે કરીને કાર્યવાહી કરી હતી. પૂછપરછમાં આ ઈસમે દારૂ ગોધાવાવની પાટીમાં રહેતો હર્ષગીરી ઉર્ફે ચીચુ પ્રવીણ ગીરી ગોસ્વામી પાસેથી મેળવ્યો હોવાનું જણાવતા તેની સામે પણ એ ડિવિઝન પોલીસમાં ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરમાં નશાબંધી કચેરીની બાજુમાંથી દારૂ વેચાણનો પર્દાફાશ થતાં ચકચાર મચી ગઈ છે.

## જૂનાગઢમાં ૧૪.૭ ડીગ્રી તાપમાન : ઠંડીમાં અંશતઃ ઘટાડો

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ગઈકાલે તીવ્ર ઠંડી રહી હતી. જૂનાગઢ શહેરની વાત કરીએ તો જૂનાગઢમાં તાપમાનનો પારો ૧૨.૨ રહયો હતો જયારે ગિરનાર ઉપર ૭.૨ ઠંડી રહી હતી. આજે ગુરૂવારે ઠંડીમાં સહેજ ઘટાડો થયો છે. આજે જૂનાગઢ શહેરનું તાપમાન મહત્તમ ૧૬.૦૨ જયારે લઘુતમ ૧૪.૭, ભેજ ૮૫ ટકા અને પવનની ગતી ૨.૩ રહી છે.

આમ, અંશતઃ ઠંડીમાં આજે ઘટાડો જોવા મળતા લોકોમાં રાહત થઈ છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨